Registered Under RNI No. GUJGUJ/2010/30943 Under Postal Regd. No.
GAMC - 1745/2019-2021Issued by SSP, Ahmedabad Valid Upto 31/12/2021

PUBLISHED AT 1st OF EVERY MONTH PERMITTED TO THE POST OF A'BAD PSO ON 3rd OF EVERY MONTH


# યુવા સાથી

(Yuva Saathi Gujarati Monthly)



## ભારતનું વોટરગેટ
## પેગાસસ જાસૂસી કાંડ

VOL. NO. 12, ISSUE NO. 8 ₹20 AUGUST 2021




એક અવાજ – એક ઉમંગ – એક ચળવળ

જેમના માથે ભારતના ભવિષ્યના ઘડતરની જવાબદારી છે
એવા નિષ્ઠાવાન યુવા મિત્રો તરફથી પ્રકાશિત થતું
એકમાત્ર ગુજરાતી સામયિક યુવાસાથી

સત્ય અને ન્યાયનો વાહક
તટસ્થ અને નીડર વિશ્લેષણ
પ્રગતિ અને સમૃદ્ધિનો વાહક
શાંતિમય સમાજના નિર્માણ માટે
બાળકોના નૈતિક ઘડતર માટે
યુવાનોને સાચી દિશા ચીંધનાર
યુવાનોના દિલની ધડકન

તમારા આ નિષ્ઠાવાન પ્રયત્નોના લીધે આ હૃદયપૂર્વકનો અવાજ દેશના ખૂણે-ખૂણે ગૂંજી ઊઠશે. ઈન્શાઅલ્લાહ.

વાર્ષિક લવાજમ : રૂ.૨૫૦/-
ત્રિવાર્ષિક લવાજમ : રૂ. ૬૫૦/-

મેનેજર, યુવાસાથી ગુજરાતી માસિક : બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી, ૧૩૨ ફુટ રિંગ રોડ, જુહાપુરા, અહમદાબાદ -૩૮૦૦૫૫ | E-mail yuvasaathi.monthly@gmail.com | www.yuvasaathi.com

YUVA SAATHI GUJARATI MONTHLY
Bank A/c. No. : 163110100029661 (NEFT)
Bank/ Branch : BOMBAY MERCANTILE CO-OP BANK LTD
IFSC Code: U T I B 0 S B M C B 1
(ZERO)
Affiliated - AXIS BANK LTD

G Pay
PhonePe
9510008614
આના ઉપર પેમેન્ટ પણ કરી શકો છો. પેમેન્ટ કર્યા પછી અમને જાણ કરો. જેથી અમે તમને રસીદ મોકલી શકીએ.

આપની જાહેરાત તેમજ સ્પે. ડોનેશન આપી "યુવાસાથી"ને સદ્ધર બનાવી સમાજના નવનિર્માણમાં આપનો સાથ-સહકાર આપો.

માસિક

# યુવા સાથી

સત્યનો સારથિ

વર્ષ : ૧૨, અંક : ૮ | ઓગસ્ટ ૨૦૨૧ | પેજ : ૩૬

www.yuvasaathi.com

instagram.com/yuvasaathiguj - facebook.com/yuvasaathiguj - twitter.com/yuvasaathiguj

**તંત્રી**

ડૉ. સાકિબ મલિક

**સહાયક તંત્રી**

જાબિર માનિગર

**સંપાદક મંડળ**

ઇબ્રાહીમ શેઠ
મુહમ્મદ ઉમર મનસૂરી
મુહમ્મદ કલીમ અન્સારી
ફૈસલ અન્સારી
ઇસ્માઇલ રાજપૂત
સોહેલ તનવીર
હમઝા મલિક
સાદિક શેખ

95 1000 8614

yuvasaathi.monthly@gmail.com

વાર્ષિક લવાજમ : રૂ.૨૫૦/-

ત્રિવાર્ષિક લવાજમ : રૂ. ૬૫૦/-

Printed and published by **Rashid Hussain Akhtar Husain Shaikh** on behalf of **STUDENTS ISLAMIC ORGANISATION OF INDIA GUJARAT ZONE** and Printed at **Unique Offset**, N.R. Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad-380004 and published from **B/4, Karishma Complex, Near Sarni Society, 132 Feet Ring Road, Juhapura, Ahmedabad - 380055 I Editor : Rashid Husain Akhtar Husain Shaikh**

## વિચારવાની ... એક ક્ષણ

એક વૃક્ષ નીચે થાકેલા ને ભૂખ્યા-તરસ્યા માણસને બેઠેલો જોઈને સામેના ઘરમાં રહેતા માણસે ઈશારાથી પાણી માટે પૂછ્યું ત્યારે તરસ્યા માણસને એ માણસ ફરિસ્તા જેવો લાગ્યો. પંદર મિનિટ વીતી ગઈ છતાં એ માણસ પાણી લઈને ન આવ્યો એટલે તરસ્યા માણસને લાગ્યું કે પાણી લાવવામાં આટલી બધી વાર થોડી લાગે!


ત્યાં એ માણસ પાણીની બૉટલ લઈને આવ્યો ને કહ્યું: 'માફ કરજો, પણ મને તમારી હાલત જોઈને લાગ્યું કે ફક્ત પાણીને બદલે તમારા માટે લીંબુ શરબત લાવું તો એ વધારે સારું રહેશે આથી મને આવતાં થોડી વાર લાગી.' એ સમયે તરસ્યા માણસને લીંબુ શરબત લાવનારા માણસ માટે અતિશય માનની લાગણી થઈ. એણે શરબતનો એક ઘૂંટડો ગળે ઉતાર્યો ત્યારે ખયાલ આવ્યો કે પેલા માણસે એમાં સાકર તો નાખી જ નહોતી. એ વખતે એને વિચાર આવ્યો કે આ તે કેવો ભૂલકણો માણસ છે, જે શરબતમાં ખાંડ નાખવાનું જ ભૂલી ગયો!

એવામાં પેલા માણસે સુગર પાઉચ આપતાં કહ્યું: 'તમારા ટેસ્ટ પ્રમાણે શરબતમાં તમારે જેટલી સાકર ઉમેરવી હોય એટલી આમાંથી ઉમેરજો.'

આ વખતે પેલાને આ મદદગાર માણસની સમજણ માટે સલામ કરવાનું મન થઈ આવ્યું. સારાંશ એ કે,

- આપણે કોઈના વિશે અભિપ્રાય આપવામાં ઘણી વાર બહુ ઉતાવળ કરી નાખતા હોઈએ છીએ.
- ઉપરના દૃષ્ટાંતમાં પેલો તરસ્યો માણસ વારંવાર અભિપ્રાય બદલતો રહે છે એમ આપણે પણ અભિપ્રાય બદલતા રહીએ તો બીજા વિશે યોગ્ય અભિપ્રાય આપવા માટે યોગ્ય ગણાઈએ ખરા?
- આપણી અપેક્ષા પ્રમાણે જ બીજા લોકો વર્તે તો એ સારા, નહીતર ખરાબ એવી પૂર્વધારણા બાંધવી પણ અયોગ્ય છે. ⏭

★ લેખકના વિચારોથી સંગઠન અથવા સંપાદકમંડળનું સહમત હોવું જરૂરી નથી.




### અંતરની આંખેથી...

અલ્લાહના દોસ્તોને અલ્લાહ ઉપર સાચા ઈમાનની ભેટ સ્વરૂપે એક વિશિષ્ટ ને'મત પ્રાપ્ત થયેલી હોઈ છે.. તેઓને અલ્લાહની કામ કરવાની પદ્ધતિ અને અલ્લાહની ઈચ્છા વિશેની એવી ઊંડી સમજ હોઈ છે કે તેઓ કપરામાં કપરી પરિસ્થિતીમાં પણ ગઝબની પરિપક્વતા પ્રદર્શિત કરે છે.. ચિત્તને શાંત અને મગજને ટાઢું રાખવાની એવી શક્તિ હોઈ છે કે સામાન્ય માણસ માટે તો તે એક મોઝિઝો જ બની જાય છે.. યુગ પરિવર્તન આવા ઓલીયાઓથી જ શક્ય બને છે.. યુગો યુગો સુધી અલ્લાહના વલીઓને એમ ને એમ થોડી લોકો યાદ કરે છે..

સાંભળો! જેઓ અલ્લાહના મિત્રો છે, જેઓ ઈમાન લાવ્યા અને જેમણે તકવા (સંયમ અને ડર)નો માર્ગ અપનાવ્યો તેમના માટે કોઈ ભય અને દુઃખની શક્યતા નથી. (કુર્આન)

— ડૉ. ઈફ્તિખાર મલિક (મોડાસા)

## અનુક્રમણિકા


**૦૫** **કુર્આન બોધ**
પોતાના રબ માટે જ નમાઝ પઢો અને કુર્બાની કરો.

**૦૬** **મનોમંથન**
ભારતનું વોટરગેટ પેગાસસ જાસૂસી કાંડ

**૦૯** **પૈગામ**
જનસંખ્યા વૃદ્ધિઃ આશીર્વાદ કે અભિશાપ?

**૧૩** **ઉજ્જવળ**
મજબૂત કુટુંબ વ્યવસ્થાઃ મુસ્લિમ સમાજની મોટી તાકત

**૧૫** **વિમર્શ**
ઉત્તર પ્રદેશનું યોગી મોડેલ; વાસ્તવિકતાની તપાસ

**૧૮** **મૂળ પ્રશ્ન**
આધુનિક દુનિયામાં વ્યક્તિગત સ્વતંત્રતા

**૨૦** **ચિંતન-મનન**
વૈકલ્પિક જીવનશૈલીઃ સમયની માગ

**૨૩** **લાઈટ હાઉસ**
હઝરત ઈબ્રાહીમ અલૈ. અને દીનની દાવત

**૨૬** **યુવા ચિંતન**
ઈસ્લામ અને શિક્ષણ

**૨૮** **વ્યક્તિત્વ વિકાસ**
કઈ બાબતો તમને શિસ્તબદ્ધ થવાથી રોકે છે?

**૩૧** **ઇતિહાસની અટારીએથી**
અને ફઝાલાની કાયા પલટ થઈ ગઈ...

**૩૩** **સંસ્થા પરિચય**
અલ બરકા ક્રેડિટ એન્ડ કંઝ્યુમર કો-ઓપરેટીવ સોસાયટી લી. : એક પરિચય

**૩૪** **બાળજગત**
કોરોનાની મહામારી અને બાળકોની જવાબદારી


WWW.YUVASAATHI.COM

**કુર્આન બોધ**

**– રજૂ. શેખ અબ્દુર્રઝ્ઝાક**

# “તો તમે પોતાના રબ માટે જ નમાઝ પઢો અને કુર્બાની કરો.”

**(સૂરઃ કૌસર, આયત-૨)**

આની વિભિન્ન સમજૂતીઓ જુદા-જુદા બુઝુર્ગો (મહાનુભાવો)થી નોંધવામાં આવી છે.

પરંતુ જ સંદર્ભેમાં આ આદેશ આપવામાં આવ્યો છે, જો તેના પર વિચાર કરવામાં આવે તો આનો મતલબ ચોખ્ખો એ દેખાય છે કે, “ હે નબી સ.અ.વ.! જયારે તમારા રબે તમને આટલી અધિક અને મહાન ભલાઈઓ પ્રદાન કરી છે, તો તમે તેના માટે જ નમાઝ પઢો અને તેના માટે જ કુર્બાની કરો.” આ આદેશ એ વાતાવરણમાં આપવામાં આવ્યો હતો, જયારે કુરૈશ મુશરિકો જ નહીં, બલ્કે તમામ આરબ પ્રદેશના મુશરિકો અને દુનિયાભરના મુશરિકો પોતાના હસ્તે ઘડેલા ઉપાસ્યોની ઈબાદત (ઉપાસના) કરતા હતા અને તેમના જ સ્થાનકો પર કુર્બાનીઓ કરતા હતા. આમ, આદેશનો હેતુ એ છે કે મુશરિકોથી વિરૂદ્ધ તમે પોતાના આ જ વલણ પર મક્કમતાથી કાયમ રહો કે તમારી નમાઝ પણ તેના માટે જ, જેમ કે બીજી જગ્યાએ ફરમાવ્યું, “હે નબી સ.અ.વ. કહી દો કે મારી નમાઝ અને મારી કુર્બાની અને મારૂં જીવન અને મારૂં મૃત્યુ બધું જ અલ્લાહ રબ્બુલ આલમીન (સૃષ્ટિઓના પ્રભુ-પાલનહાર અલ્લાહ) માટે જ છે, જેનો કોઈ ભાગીદાર નથી, તેનો જ મને આદેશ આપવામાં આવ્યો છે અને હું સૌપ્રથમ આજ્ઞાપાલનમાં માથું ઝુકાવનાર છું. (સૂરઃ અલ-અનઆમ, આયત-૧૬૨-૧૬૩) આ જ અર્થ ઈબ્ને અબ્બાસ (રદિ) અતા, મુજાહિદ, ઈકરમા, હસનબસરી, કતાદા, મુહમ્મદબિન કસબ અલ-કરઝી, ઝહાહક રબીઅ બિન અનસ, અતા અલ-ખુરાસાની અને બીજા ઘણા પીઢ તફસીરવેત્તાઓ (રહ.) એ વર્ણવ્યો છે. (ઈબ્ને કસીર) અલબત્ત એ વાત પોતાની જગ્યાએ તદ્દન સાચી છે કે રસૂલુલ્લાહ સલ.એ જયારે મદીના-તૈયબામાં અલ્લાહતઆલાના આદેશથી ઈદુલ અદહા (બકર-ઈદ)ની નમાઝ અને કુર્બાનીની પ્રણાલિકા સ્થાપી, તો એ કારણસર કે આયત, “ફસલ્લિ લિરબ્બેકા વનહર” અને, “ઈન્ના સલાતી વ નુસુકી” માં નમાઝને પહેલા અને કુર્બાનીને તેના પછી રાખવામાં આવેલ છે. આપે સલ. સ્વયં પણ આ જ અમલ અપનાવ્યો અને આનો જ આદેશ મુસલમાનોને આપ્યો કે તે દિવસ પહેલા નમાઝ પઢે અને પછી કુર્બાની કરે. આ આયતની આ તફસીર (સમજૂતી) નથી, ન તો તેનો ઉત્તરાણકાળ બલ્કે આ હુઝુર સલ.નો આયતનો નિષ્કર્ષ છે અને આપનો નિષ્કર્ષ પણ વહીનો એક પ્રકાર છે.

આમ આપે જોયું કે કુર્આને પાકથી સૂરઃ નંબર ૧૦૮ આયત નંબર બેમાં કુર્બાનીનો સ્પષ્ટ આદેશ છે.

હવે આપણા પ્રિય દેશ ભારત કે જયાં દુનિયાના બધા જ ધર્મમાં માનનારા લોકો વસે છે. વિવિધતામાં એકતાના દર્શન જોવા મળે છે. એ જ ભારતમાં કેટલાંક ગેરસમજુ લોકો એવી વાત કરે છે કે આ મુસ્લિમો બકરા ઈદના દિવસે ધર્મના નામે પશુ વધ-બલી-કુર્બાની કરે છે તે કેવું ?

આપણો ભારત દેશ બિનસાંપ્રદાયિક દેશ છે. અને તેનું એક બંધારણ છે અને એ બંધારણની રૂએ અત્રે વસ્તા દરેક નાગરિકોને પોતાના મરજી મુજબના ધર્મ-વિચાર અપનાવવાનો અને તે મુજબ આચરણ કરવાની સ્વતંત્રતા આપવામાં આવી છે. ટુંકમાં દરેક ધર્મમાં માનનારાને પોતાના ધર્મ પ્રમાણે અત્રે જીવવાનો સંપૂર્ણ અધિકાર છે. કોઈ કોઈને રોકી ન શકે.

અત્રે એ વાસ્તવિકતાનો ઉલ્લેખ પણ ઘટે કે એકની આસ્થા-માન્યતા બીજા ધર્મના માનનારા માટે થાય કે અધર્મ હોઈ શકે. દા.ત. કુર્બાનીની વાત કરીએ તો ઈસ્લામ ધર્મમાં માનનારા કુર્આન અને પૈગમ્બર હઝરત મુહમ્મદ સલ.ના આદેશ અનુસાર કુર્બાની કરે છે જે મુસ્લિમોની આસ્થા-માન્યતા મુજબ પૂન્ય-નેકીનું કાર્ય છે. જયારે આજ કુર્બાની હિંદુ ધર્મ કે અન્ય કેટલાક મત પ્રમાણે વઘ-બલી કે કુર્બાની એ એક અધર્મ-પાપનો કૃત્ય માને છે. જે તેમના ધર્મ પ્રમાણે સાચું હોઈ શકે, (આની સત્યતા બાબત તેમના જ ધર્મમાં માનનારા જુદો મત ધરાવે છે ને પશુની બલી ચઢાવે છે.)

જો એક જ કૃત્ય બાબત જુદા-જુદા ધર્મમાં માનનારા લોકો જુદો મત ધરાવતા હોય તો બંધારણમાં જે ડહાપણની વાત કહેવામાં આવી છે કે બધાને પોત પોતાના ધર્મ પ્રમાણે આચરણ અને જીવવાનો અધિકાર છે.

સુલેહ શાંતિ અને દેશમાં પ્રગતિ નિઅવરોધ ચાલે તે માટે જરૂરી છે કે જે જે મત ધરાવતો હોય તે તેના પર ચાલે

(અનુસંધાન ૨૨માં પાને)

તંત્રી લેખ

મનોમંથન



મહેમાન તંત્રી..

**ઍન્જિનિયર મુહમ્મદ ઉમર વહોરા**

# ભારતનું વોટરગેટ પેગાસસ જાસૂસી કાંડ

૨૦૦૬માં ગુજરાતમાં ઈશરત જહાં ઍનકાઉન્ટરના પર્દાફાશ પછી એક પછી એક ફેક એન્કાઉન્ટરો ખુલતા ગયા. અમીત શાહ જેલમાં ગયા અને તડીપાર પણ થયા. તે સમયે સીબીઆઈએ સીકંજો કસ્યો હતો તેનાથી એવું લાગતું હતું કે આ બધા રાજકારણીઓની કારકિર્દી ખતમ થઇ જશે અને પોલીસ અધિકારીઓ જેલમાં જ પોતાની જિંદગી પૂરી કરશે. અણી ચુક્યો સો વર્ષ જીવે તે ઉક્તિ મુજબ બન્ને સાહેબો સાંગોપાંગ નીકળી ગયા. કોંગ્રેસની અનિર્ણાયક અને નબળી નેતાગીરીનો પણ તેમાં સિંહફાળો હતો તે હવે સૌ કબૂલે છે. તે સમયે આઈપીએસ અધિકારી જી.એલ સિંગલની એક ઓડિયો કેસેટ મીડિયામાં પ્રગટ થઈ જેમાં કચ્છની આર્કિટેક્ટ બહેનની જાસૂસી કઈ રીતે કરવામાં આવી તેનું વૃતાંત સ્પષ્ટ રીતે મળી રહે છે. તમે ગુગલમાં અમિત શાહ જી પી સિંગલ ઓડિયો સાંભળશો  તો ખ્યાલ આવી જશે કે આ બંન્ને સાહેબો એજન્સીઓનો કેવો ઉપયોગ કે દુરુપયોગ કરી શકે છે!! તે એક રાજ્યની વાત હતી તે આજે સમગ્ર રાષ્ટ્રની બની ગઈ છે. આજનું પેગસસ જાસૂસી કાંડ ગુજરાતની પ્રજા માટે કદાચ એટલા માટે જ કોઈ નવીન વાત નથી. બંન્ને સાહેબોની ગળથૂથીમાં આ બધું પડેલું છે. ગુજરાતમાં ભાજપના સભ્યોની પણ જાસૂસી કરવામાં આવતી હતી તે પણ નરેન્દ્ર મોદીના સમયનો ઈતિહાસ છે. ડોક્ટર એકે પટેલે જેઓ કેન્દ્રીય મંત્રી રહ્યા છે તેઓએ આ બાબતે ઉહાપોહ કર્યો હતો. ઝડફિયા પણ ફોન ટેપિંગ બાબતે આંસુ સારી ચુક્યા છે. રાજીવ શાહ જે ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના સિનિયર પત્રકાર હતા તેઓએ આ બાબતે ઘણા મંત્રીઓ અને બાબુઓ જોડે વાત કરેલ છે અને તેઓએ નામ ન આપવાની શરતે ફોન ટેપિંગ કબુલ્યું પણ છે. હવે, જ્યારે મીડિયા સમક્ષ આ ખુલીને આવી ગયું છે કે આ પેગસસ માલવેર માત્ર સરકાર અથવા સરકાર અધિકૃત એજન્સીજ ખરીદી શકે છે ત્યારે આની પાછળ કોનો હાથ છે તે કોઈનાથી છૂપું નથી. પણ સરકારે તો સોઈ ઝાટકીને કહી દીધું છે કે અમે બિલકુલ જ નિર્દોષ

છીએ. આ દેશ વિરોધી અને સરકાર વિરોધી એક કાવતરું સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યું છે. ખુદ આઈ.ટી. મિનિસ્ટરની જાસૂસી થઈ હતી તે જ હવે આનો બચાવ કરવા સંસદમાં ઉતર્યા છે. જેપીસી બેસાડી દો અને સુપ્રીમ કોર્ટના માર્ગદર્શનમાં તપાસ નીમી દો અને સત્યને બહાર લાવો તેવી માંગ વિપક્ષો કરી રહ્યા છે. રાહુલ ગાંધી અને તેમના સાથીઓના પણ ફોન હેક થયા છે. ભાજપના જ સાંસદ સુબ્રહ્મણ્યમ સ્વામી સીધો આક્ષેપ કરી રહ્યા છે છતાં સરકાર સ્વીકારતી નથી. સરકાર બિલ્કુલ જ મચક આપી નથી રહી. કિસાનોના મોટા આંદોલન પછી પણ કિસાન કાનૂન પાછા ખેંચ્યા નથી અને સીએએ તથા એન.આર.સી વિરોધી આંદોલનને પણ સરકારે ગણકાર્યું નથી. સરકાર પોતાની બહુમતી ઉપર ગર્વિષ્ઠ છે. આંતરરાષ્ટ્રીય મીડિયામાં એવા સમાચારો પ્રસિદ્ધ થયા કે ભારતમાં પેગાસસ સોફ્ટવેરની મદદથી રાજકારણીઓ પત્રકારો સહિત અનેક મહત્વના લોકોની જાસુસી કરવામાં આવી છે, તે પછી હાહાકાર મચી ગયો છે. વોશિંગ્ટન પોસ્ટ અને The Guardianના અહેવાલ મુજબ ભારતના ૪૦ પત્રકારો, વિપક્ષી નેતાઓ અને પ્રધાનોની જાસૂસી થઈ છે. આ લીસ્ટ ઘણું લાબું પણ હોઈ શકે છે. કર્ણાટકની ભાજપ સરકારની પણ જાસૂસી થઈ રહી છે.૧૯૮૮માં હેગડે સરકારને ફોન ટેપિંગ મુદ્દે જવું પડેલ, તે નોંધવું રહ્યું. જેની પણ જાસૂસી થઈ છે એનાં નામો જેમ જેમ બહાર આવશે ત્યારે મોટો હોબાળો થવાનો છે, તે નક્કી છે.

The Wireના અહેવાલ મુજબ રંજન ગોગોઈ, તત્કાલીન સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશની સામે જે બહેને છેડછાડના આક્ષેપ મૂકતાં હોબાળો થયેલો તેમના કુટુંબીજનોના નામ પણ પ્રગટ થયા છે. મોબાઈલ કમ્યુનિકેશનની જાસૂસી માટે વપરાતું પેગસસ સોફ્ટવેર ઇઝરાયેલની સાયબર સુરક્ષા કંપની NSO દ્વારા બનાવાયું છે આ કંપની એવો ખુલાસો કર્યો છે કે તે કોઈ ખાનગી ખાનગી કંપની કે વ્યક્તિને સોફ્ટવેર કદાપિ વેચતી નથી. માત્ર સરકારોને જ સપ્લાય કરવામાં આવે છે. અમે આ સોફ્ટવેર માત્ર આતંકવાદ સામે લડવા માટે તૈયાર કર્યું છે. બાંગ્લાદેશ સાઉદી અરેબિયા સહિત અનેક દેશોએ આ સોફ્ટવેર ખરીદયા પણ છે. સરકારો આ જ વાત કરે છે કે આતંકવાદીઓની ગતિવિધિઓ પર નજર રાખવા આ સોફ્ટવેર અમે ખરીદયું છે. આપણા દેશે આ સોફ્ટવેર ખરીદયું હતું કે કેમ તે હજુ બહાર આવ્યું નથી. જો સરકાર નથી તો આ કામ કોણે કર્યું તે જવાબ પણ સરકારે જ આપવો પડશે. આ સોફ્ટવેર કોઈના ફોનમાં ઘુસાડી દીધા પછી તેના ફોનથી થતી તમામ વાતચીત સાંભળી શકાય છે. આ ઉપરાંત મેસેજ, વહાટ્સએપ, ફેસબુક, ટેલિગ્રામ, વિડીયોકોલ, ઈમેલ, માઈક્રોફોન, કૅમેરાની બધી વિગતો આસાનીથી મેળવી શકાય છે. એક્રીપ્ટેડ સંદેશ પણ ખોલીને જોઈ શકાય છે. ભલે ફોન બંધ હોય તો પણ જે વાતચીત થતી હોય એ સાંભળી શકવાની ક્ષમતા આ સોફ્ટવેરની છે. સૌથી પહેલા ૨૦૧૬માં સાઉદી અરેબિયાના માનવ અધિકાર નેતા આ જાસૂસીની વાત બહાર લાવ્યા હતા. આવા બીજા પણ ઘણા સોફ્ટવેર માર્કેટમાં મળી રહ્યા છે. આ વાતાવરણમાં જાસૂસીની જે વાત બહાર આવી છે એ ઘડીકમાં સરકારનો પીછો છોડવાની નથી. સંસદના ચોમાસુ સત્રમાં પહેલા દિવસે જ આના અણસાર મળી ગયા છે.

આજના જમાનામાં આધુનિક ઉપકરણો થકી તમારી જાણે-અજાણે જાસૂસી થઈ રહી છે, તે સમજવું રહ્યું. સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી પણ વ્યક્તિની સ્વતંત્રતા આવી જાસૂસી થકી છેડાઈ રહી છે. અફસોસ એ છે કે અહી કોઈને પોતાની privacy એટલે કે અંગત હિતોનું પણ પ્રમાણભાન બિલકુલ જ નથી. યુરોપ, અમેરિકામાં જે રીતે જોવા સમજવામાં આવે છે તેના દસમા ભાગની ચિંતા પણ અહીં નથી જોવાતી. માત્ર ખરાબ કામ કરનારે નહીં પણ સારું કે સાચું કામ કરનારી વ્યક્તિને પણ દસ વખત વિચારવું પડે એવી પરિસ્થિતિ છે. કૅમેરા અને સીસીટીવી તમને સતત જોઈ રહ્યા છે. ફોન કે મોબાઈલ તમને જોઈ સાંભળી રહ્યા છે. લેપટોપ નો કેમેરો તમારી ઉપર છે. નવી ટેકનોલોજી આપણી આસપાસ કાન અને આંખ રૂપે સતત મંડરાયેલી જ રહે છે. દીવાલો ને પણ આંખ અને કાન ફૂટી નીકળ્યા છે. સેન્સર્સ બંદૂક ની જેમ કપાળ ઉપર મુકાયેલા છે. ટેલીફોન ટેપિંગ નો મુદ્દો જૂનો થઈ ગયો હવે તો ફોન હેકિંગ નો જમાનો છે. તમારો ફોન હેક થાય તો તમે કયા લોકેશન પર હતા, કોની સાથે વાત કરી, કોની સાથે સાદી કે વિડીયો ચેટ કરી, એ બધું જ સામેવાળાને આસાનીથી પહોંચી જાય છે. હેકર અને માફિયાઓ હવે ખંડણી પણ ચાલાકીથી ફોન હેક કરીને crypto currency થી ઉઘરાવે છે. અસલમાં સ્પાઈવેર કે હેકિંગ સીધું ખરાબ નથી. તે ખરાબ ત્યારે બની જાય છે જયારે તેનો ઉપયોગ ખરાબ ઉદ્દેશોને પાર પાડવા માટે કરવામાં આવે છે. facebook જેવી કંપનીઓ વળી એવો આરોપ મૂકે છે કે પેગાસસનો ઉપયોગ તેમની જાસૂસી માટે થાય છે. સરકારો તો એમ જ કહે છે કે આતંકવાદને ડામવા અને દેશની સુરક્ષા માટે આનો ઉપયોગ કરીશું. કોઈ સામેથી થોડું કહેવાનું છે કે અમે અમારા હરીફોની જાસૂસી આનાથી

કરીશું. અમેરિકાએ પણ ચીનની વાહરે કંપની ઉપર એટલે જ પ્રતિબંધ મુકેલો કે તેના મોબાઈલમાંથી વપરાશકર્તાની સંવેદનશીલ વિગતો સીધી ચીન પહોંચી જતી હતી. એક્રિપ્ટેડ મેસેજ મોકલનાર અને મેળવનાર આ બે જણા સિવાય બીજો કોઈ જોઈ નથી શકતો. જે કંપની થકી મેસેજ કર્યો હોય તે પણ અને નથી જોઈ શકતી. પરંતુ પેગાસસ આ એક્રિપ્શનનો ભંગ કરી નાખે છે. એપલની ઓપરેટિંગ સિસ્ટમ સૌથી સલામત મનાય છે અને વારંવાર સુધારા કરી ને આવા માલવેરથી પોતાની પ્રોડક્ટને સુરક્ષિત કરવાનો દાવો કરતી રહે છે. પરંતુ આ સ્પાયવેર તેના પણ છોતરા કાઢી નાખે છે.


કોંગ્રેસ પણ દૂધે ધોયેલી નથી. UPA-2 સરકાર સમયે RTIમાં ખુલાસો થયેલ કે રોજના ૩૦૦ ફોન અને ૨૦ ઈમેલ અલગ અલગ એજન્સી દ્વારા ટેપ થતા હતા. અરુણ જેટલીએ આ મુદ્દે સરકારનું રાજીનામુ રાજ્યસભામાં માંગેલ, તે કંઈ બહુ જૂનો ઈતિહાસ નથી.

હવે, સવાલ ઉભો થાય છે કે આ કાંડમાં ખુલ્લા પડી ગયા પછી પણ શું ભારત સરકાર વિરોધની સામે ઝૂકશે? શું સરકાર પોતે સ્વીકારશે કે હા અમે જાસૂસી કરી હતી. તો તેનો જવાબ છે, સ્પષ્ટ ના. જો કદાચ કોઈ પણ રીતે સાબિત પણ થઈ ગયું કે આમાં સરકારનો હાથ હતો તો પણ અહીં કાનૂની રીતે સીધા કોઈ પગલાં લઇ શકાતા નથી, તે સમજવું રહ્યું. વોટરગેટ કૌભાંડમાં પ્રેસિડેન્ટ નિક્સને રાજીનામું આપ્યું હતું,કારણ ત્યાં સર્વોચ્ચ વડા ઉપર પગલાં લેવાની જોગવાઈ હતી. અહી સુપ્રીમ કોર્ટ પણ છેલ્લે લાચારી દર્શાવી આનું ફિન્ડલું વાળી દેશે તેવું લાગી રહ્યું છે. અને આમેય આપણા બંન્ને સાહેબોએ જે માહોલ દેશમાં ઉભો કર્યો છે તેમાં નૈતિકતાને વળી શું લેવાદેવા? ઉઘાડો અને દરેક સ્તરે ખૂબ મોટો ભ્રષ્ટાચાર, ધારાસભ્યો સંસદસભ્યો ની ખરીદી અને હેરાફેરી, આ બધું ઉઘાડેછોગ કરવામાં આવી રહ્યું છે. અને પ્રજાને તેની કોઈ જ તમા રહી નથી. પ્રજા જ આંખ આડા કાન કરેછે એટલે સત્તાધીશો બેફામ છે. પનામા પેપર્સમાં અમિતાભ અને ઐશ્વર્યા બચ્ચનના સીધા નામ ખુલ્યા પછી પણ શું થયું? મીડિયા નો ઉપયોગ કરી ફાલતુ ઈસ્યુ ને ખૂબ ચગાવવામાં આવે છે અને સાચા પ્રશ્નોથી ધ્યાન ભટકાવવામાં આવેછે. આશા રાખીએ કે પ્રજા આવા પ્રહારો અને પર્દાફાશ પછી જાગે અને સત્તાધિશોને સીધા થવા મજબૂર કર. ⏭

(મો. ૯૯૨૫૨ ૧૨૪૫૩)



ઓગસ્ટ ૨૦૧૯માં યુવાસાથીના પૈગામ લેખમાં છપાયેલ આ લેખ આજે પણ કદાચ એટલો જ પ્રાસંગિક લાગે.. આપણા વાંચન માટે...



**પૈગામ**



**શકીલઅહમદ રાજપૂત**

# જનસંખ્યા વૃદ્ધિ આશીર્વાદ કે અભિશાપ ?

એક વિશેષ વિચારધારા ધરાવતું "સામાજિક"સંગઠન રાજકીય રીતે ખૂબ જ સક્રિય છે. કોઈ પણ સમસ્યાને વિકરાળ રૂપ આપવા અથવા જન આંદોલન ચલાવવા તેમની પાસે પૂરતા સંસાધન છે. વર્તમાન સરકાર પણ તેના સંકેતોને અનુસરી ચાલાકી અને આયોજન બદ્ધ રીતે તેના "ગુપ્ત" એજન્ડાને અંજામ આપવા રૂપરેખા તૈયાર કરી હોય તેવું સ્પષ્ટ દેખાય છે. હાલમાં જ "જનસંખ્યા સમાધાન ફાઉન્ડેશન" દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના નામથી જ તેનું ધ્યેય સ્પષ્ટ દેખાય છે. તે કાર્યક્રમમાં યુનિયન મિનિસ્ટર ગીરીરાજ સિંહે હાજરી આપી હતી, જ્યાં તેમણે વૈચારિક રીતે સંસ્થા સાથે હોવાનું કહ્યું તેમજ જનસંખ્યા નિયંત્રણ કાનૂન માટે આંદોલન ચલાવવાની વાત કરી હતી. તેમના નિવેદન મુજબ જનસંખ્યા વૃદ્ધિથી દેશનો વિકાસ અને કોમી સૌહાર્દ ખોરવાય છે. જનસંખ્યા ઝડપથી વધી રહી છે, પરંતુ જળ અને જમીનના સંસાધન સીમિત છે. આવી વાતો કરવાનો એક માત્ર હેતુ મુસ્લિમોને નિશાન બનાવવાનો દેખાય છે, કેમકે ગીરીરાજે કહ્યું હતું કે ૨૨ ઈસ્લામી દેશોમાં આ કાનૂન છે, પરંતુ ભારતમાં તેને ધર્મ સાથે જોડી જોવામાં આવે છે. અગાઉ સાક્ષી મહારાજે પણ જનસંખ્યા નિયંત્રણ માટે મુસ્લિમોની નસબંધી કરવાનું નિવેદન આપ્યું હતું અને બાબા રામદેવે તો ત્રણ બાળકો ધરાવનારનો મતાધિકાર તેમજ સરકારી સવલતો ઝૂંટવી લેવાની ભલામણ કરી હતી.

તેઓ કોઈ પણ બાબતમાં નિખાલસ નથી તેની એક દલીલ આ પણ છે કે એક બાજુ જનસંખ્યા નિયંત્રણની વાત કરવામાં આવે છે બીજી બાજુ હિંદુઓને ૪ કે ૮ બાળકો પેદા કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. એટલે ક્યારેય એવું લાગે છે કે સમસ્યા જનસંખ્યા વૃદ્ધિની

ઓછી મુસ્લિમોની સંખ્યા વધવાની વધારે છે. હિંદુ હોય કે મુસ્લિમો અથવા બીજા કોઈ ધર્મના લોકો બધા ભારતના નાગરિક છે અને સમાન બંધારણીય અધિકાર ધરાવે છે. બંધારણે જે સ્વતંત્રતા આપી છે તેમાં પક્ષપાત કે

બેવડું માપદંડ રાખી શકાય નહીં. કેટલા બાળકો પેદા કરવા એ વ્યક્તિ પોતાની પસંદગી છે અને ''રાઈટ ટુ ચિલ્ડ્રન'' એ દરેક વ્યક્તિને મળવો જોઈએ. બાળકો પેદા કરવા કે ન કરવા, કેટલા કરવા એ વ્યક્તિની પોતાની પસંદગી ઉપર આધારિત છે. એમાં કોઈ બળજબરી કરી શકાય નહીં. અમારા પૂર્વજોએ બે બાળકોની નીતિ અપનાવી હોત તો કદાચ ભારત રવિન્દ્રનાથ ટાગોર અને ડો. બાબા સાહેબ આંબેડકર જેવી વિભૂતિઓથી વંચિત રહી ગઈ હોત.અને ગાંધીજીએ પોતે મતાધિકાર ગુમાવી દીધું હોત.

બુદ્ધિજીવી લોકો એવો ભય ઊભો કરે છે કે ભારતની જનસંખ્યા આ રીતે વધતી રહેશે તો ભવિષ્યમાં ભારત માટે સંકટ ઊભું થશે. ભૂખમરો વધશે કારણ કે અનાજનું ઉત્પાદન મર્યાદિત છે. વાસ્તવમાં થોમસ મેથ્યુએ એવી રજૂઆત કરી હતી કે જનસંખ્યા ૨,૪,૬,૮ના પ્રમાણમાં વધે છે અને અનાજનું ઉત્પાદન ૧,૨,૩,૪ના પ્રમાણમાં વધે છે. જો જનસંખ્યા નિયંત્રણ લાદવામાં નહીં આવે તો આગામી સો વર્ષોમાં ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડશે. પરંતુ દુનિયાએ જોયું કે એવી કોઈ સમસ્યા પેદા થઈ નથી. અમુક લોકો ચિંતા વ્યક્ત કરતા કહે છે કે દુનિયાની ૧૮ટકા જનસંખ્યા એકલા ભારતમાં જ છે. પરંતુ તેઓ ભૂલી જાય છે કે દુનિયાનું ૨૫ ટકા ઘઉં સાથે વિશ્વમાં બીજા નંબરનું અને ૩૫ ટકા ચોખા સાથે વિશ્વમાં પ્રથમ નંબરનું ઉત્પાદન પણ ભારત કરે છે.

ધાર્મિક વ્યક્તિ તો એવું માને છે કે જે સજીવ પણ પૃથ્વી પર પેદા થાય છે. અલ્લાહ તેના માટે અનાજ પણ પેદા કરે છે. અરે! આપણે સાધારણ દાખલાથી આ વાત સમજી શકીએ. બાળકનો જન્મ થતા પહેલાં તેના માટે દૂધની વ્યવસ્થા ઈશ્વર માતાની છાતીમાં કરી આપે છે, અને કૃષિ વિજ્ઞાને પાછલા વર્ષોમાં જે પ્રગતિ કરી છે તે આપણે સારી રીતે જાણીએ છીએ. ખેડૂત ૫૦ વર્ષ પહેલાં તેના ખેતરમાંથી જેટલી ઉપજ મેળવતો હતો આજે તેનાથી ઘણી વધારે ઉપજ મેળવે છે. જનસંખ્યા સાથે કૃષિ ઉત્પાદન પણ વધ્યું છે ક્યાંય ભૂખમરાથી કોઈ વ્યક્તિ મૃત્યુ પામી હોય તેવું સંભળાયું નથી અને જો ભૂખમરાથી મૃત્યુ પામી હોય તો તેનું કારણ કૃષિ ઉત્પાદનની કમી નથી બલ્કે વ્યવસ્થાની ખામી છે. મૂડીવાદીઓ અનાજનો સંગ્રહ કરીને રાખે છે, અને સરકારી ગોડાઉનોમાં હજારો ટન અનાજ સડી જાય છે, પરંતુ તેને જરૂરતમંદો સુધી પહોંચાડવામાં આવતું નથી. કોર્પોરેટ કંપનીઓનું ઠંડુ પીણું અને બિસલેરીનું પાણી રણપ્રદેશ સુધી પહોચી શકતું હોય તો છેવાડાની એક જરૂરતમંદ વ્યક્તિ સુધી અનાજ કેમ ન પહોંચી શકે?!!!

જનસંખ્યાની સમસ્યા નથી આપણા પાડોશી દેશ ચીનથી પણ આપણે બોધ લેવો જોઈએ. તેમણે એક બાળકની નીતિ અપનાવી હતી અને તેના કારણે જ આજે તેને તકલીફ પડી રહી છે. યુવાનોની સરખામણીનીમાં વૃદ્ધો વધારે છે. હવે તે તેની પોલીસીમાં છૂટ આપી રહ્યું છે. મ્યાન્માંરમાં ગર્ભનિયંત્રણ સાધનો પર પ્રતિબંધ લાદવામાં આવી રહ્યું છે. આપણે તો ૫૬ ઈંચની છાતી કરી દુનિયા સમક્ષ આ વાસ્તવિક્તા મૂકવી જોઈએ કે ભારત સૌથી વધુ યુવાનો ધરાવતો દેશ છે. આ યુવાનોને સારી રીતે પ્રશિક્ષિત કરવામાં આવે, તેમને સુવિધાઓ આપવામાં આવે તો સમગ્ર જગતને સ્કિલ્ડ યુવાનો આપવાનું સ્વપ્ન મોદી સરકાર પૂર્ણ કરી શકે છે. ૨૨ ઈસ્લામિક દેશોમાં જનસંખ્યા નિયંત્રણની વાત કરનાર લોકો ને ખબર હશે જ કે દુનિયાના કેટલા દેશો છે જે જનસંખ્યા વધારવા નીતિઓ ઘડે છે. પ્રોત્સાહન અને ઈનામો આપે છે. બાળ વૃદ્ધિ માટે "Do It For Denmark."ના સૂત્રથી જાહેરાતો બનાવવામાં આવે છે, તો સિંગાપુરમાં National Night ઉજવવામાં આવે છે. જનસંખ્યા વૃદ્ધિ માટે I`m a patriotic husband, you`re my patriotic wife, let`s do our civic duty and manufacture life, જેવા વાક્યો વાઈરલ કરવામાં આવે છે. ફ્રાંસમાં બાળકો મુજબ નાણાની ફાળવણી કરવામાં આવે છે બે બાળકો પર ૧૩૧,૫૫ • પ્રતિમાસ, ત્રણ બાળકો પર ૩૦૦,૧૦ • પ્રતિમાસ અને ૪ બાળકો પર ૪૬૮,૬૬ • પ્રતિમાસ આપવામાં આવે છે. આવી જ રીતે તુર્કીમાં પ્રથમ બાળક પર ૧૦૮ ડોલર, બીજા પર ૧૪૪ ડોલર, ચોથા પર ૬૦૦ ડોલર આપવામાં આવે છે અને જરૂરતમંદ કુટુંબને વધુ સવલતો પૂરી પાડવામાં આવે છે. રશિયા, જાપાન, ડેન્માર્ક, સિંગાપુર, સાઉથ કોરિયા,ઈટાલી, હોંગ કોંગ, રોમાનિયા,સ્પેન વગેરે દેશો બાળ ઉત્પાદન વધારવા પ્રાત્સાહિત કરી રહ્યા છે.૪૮થી વધુ દેશો જનસંખ્યા નિયંત્રણ કાયદાના કારણે હ્યુમન રિસોર્સનું ક્રાઈસિસ અનુભાવી રહ્યા છે. વિકસિત દેશો પણ જ્યારે હ્યુમન રિસોર્સ ક્રાઈસિસથી ગુજરી રહ્યા હોય તેવા સમયમાં આ યુવા શક્તિ આપણા માટે અમૂલ્ય સંપત્તિ સમાન છે. તેમને યોગ્ય રીતે પ્રશિક્ષિત કરવામાં આવે તો આ જનસંખ્યા આપણા માટે

આશીર્વાદરૂપ બની શકે છે. શું જમાનો છે એક દેશમાં જનસંખ્યા નિયંત્રણને રાષ્ટ્રભક્તિથી જોડવામાં આવી રહ્યું છે અને બીજા દેશમાં જનસંખ્યા વૃદ્ધિને રાષ્ટ્રવાદથી.

ભારત સ્વતંત્ર થવું તો જનસંખ્યા નિયંત્રણ કરતા આર્થિક વિકાસ પર ભાર મૂકવામાં આવ્યું હતું અને નેહરૂજી તો વિશ્વાસ ધરાવતા હતા કે No country can be overpopulated, if there is work for everyone. અને તેમના મૃત્યુ સુધી underproduction અને over population વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયત્ન કરતા હતા. વાસ્તવિકતા આ જ છે કે જનસંખ્યાની સાથે સંસાધનો પણ વધ્યા છે. એક સમય હતો જયારે અર્થોપાર્જનના સીમિત સંસાધનો હતા. આજે કૃષિ ક્ષેત્રમાં, ઈન્ફર્મેશન ટેકનોલોજીમાં, ટ્રાન્સપોર્ટેશનમાં, ટુરીઝમ, ઉધોગો વગેરેમાં એવા હજારો લાખો રિસોર્સ પેદા થયા છે જે આજથી ૫૦ વર્ષ પેહલાં કોઈ વિચારી પણ ન હોતું શકતું. મૂળ સમસ્યા આપણા દેશમાં નીતિઓની છે, દેશ સમાજવાદ કે જનકલ્યાણથી હટીને મૂડીવાદ તરફ જઈ રહ્યો છે તેના કારણે સંપત્તિ કેટલાક હાથોમાં જમા થઇ રહી છે. આર્થિક અસંતુલનના કારણે ઘણી સમસ્યાઓ ઉભી થઈ છે.

એક યુવા ચિંતક કહી રહ્યા હતા કે લોકો ટ્રાફિક,ગરીબી, હ્યુમન ટ્રાફિકિંગ,બેરોજગારી,વાયુ પ્રદૂષણ, બાળલગ્ન,વગેરે જેવી સમસ્યાઓ પર ચર્ચા કરે છે પરંતુ સૌની મૂળ જનસંખ્યા વૃદ્ધિ છે તેના ઉપર વિચારતા નથી. મૂળ સમસ્યા પરથી ધ્યાન હટાવવા માટે ભક્તો આવા લખાણ લખે છે. એવું કરી શકીએ કે એકી સાથે બધા નાગરિકોને પરલોક પહોંચાડી દો, ''ના રહે બાસ ન બજે બાંસુરી.'' માનવ હશે તો સમસ્યા તો રહવની જ. તેનું નિરાકરણ લાવવા યોગ્ય વિચાર કરવા પડે. જગતમાં કોને રહેવાનું અને કોને નહીં રહેવાનું તે આપણે નક્કી નથી કરી શકતા.

બીજી મહત્ત્વની વાત આ છે કે જનસંખ્યાથી સમસ્યા નથી સર્જાતી, બલ્કે સમસ્યા સર્જાય છે જનસંખ્યાના પ્રશિક્ષણના અભાવથી. જે દેશોમાં જનસંખ્યા ક્રાઈસિસ છે ત્યાં પણ હિંસા અને હત્યા, ક્રાઈમ અને બીજા દૂષણો છે જ. ક્યાં રંગભેદ, ક્યાંયક વંશવાદ,ક્યાંયક કોમવાદના કારણે શૂટડાઉનની ઘટના બનતી રહે છે. આપણે જો બાળકોની સારી કેળવણી કરીશું, તેમને પ્રશિક્ષિત કરીશું, નાગરિકશાસ્ત્ર શીખવાડીશું, નૈતિક સિંચન કરીશું અને દેશ પ્રતિ તેમને જવાબદાર અને ઈમાનદાર બનાવીશું તો સમસ્યા આપમેળે હલ થઈ જશે. મારૂં માનવું છે કે મોટા પરિવારમાં જ બાળકો ત્યાગ,સહજીવન, સમરસતા,ધૈર્ય, સહનશીલતા, પ્રેમ આદર, સહકાર અને ભાઈચારાના ગુણ શીખી શકે છે.

લોકો કહે છે કે વધારે બાળકો ધરાવતા કુટુંબમાં બાળકોનું પોષણ સારી રીતે નથી થતું. તેઓ કુપોષીત હોય છે. તેમને શિક્ષણ સારૂં મળતુ નથી. તેમજ સ્વાસ્થ્ય સારૂં રહેતું નથી. આ વાહિયાત દલીલ છે. વધુ બાળકોના કારણે કદાચ કોઈ કુટુંબને આવી પરિસ્થિતિનો સામનો કરવો પડયો હોય તો તેને આધાર બનાવી બીજી વ્યક્તિનો અધિકાર તો છીનવી શકાય નહીં અને કોઈ મોટા કુટુંબને આવી સમસ્યા હોય તો તે માટે જવાબદાર સરકાર પણ છે. કેમકે કોઈપણ વેલ્ફેર સ્ટેટમાં નાગરિકને શિક્ષણ અને સ્વાસ્થ્ય પ્રદાન કરવું તેની જવાબદારી છે. ગરીબ અને મોટા પરિવારોમાંથી ઘણાં મોટા વિદ્વાનો, સાહસિકો અને બુદ્ધિજીવીઓ પેદા થાય છે. પરંતુ જો બાળકોને સંસ્કાર નહિં મળે તો સાક્ષી જેવા લોકો જ પેદા થશે.

ત્રીજી વસ્તુ આ કે એશિયા ખંડ સહિત ભારતની એક મોટી સમસ્યા ભ્રૂણ હત્યા છે. દર વર્ષે લાખો ગર્ભપાત કરાવવામાં આવે છે. સ્ત્રીભ્રુણ હત્યાની સમસ્યા સાથે જોડાયલી એક સમસ્યા છે, છોકરાની સરખામણીમાં છોકરીઓની અછત. ભારતના અમુક વિસ્તારોમાંથી ૧૦૦૦ છોકરાઓ સામે ૮૫૦ જેટલી છોકરીઓ છે. ગુજરાત, હરિયાણા, પંજાબ વગેરે રાજયો પણ આ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. આનું મૂળ કારણ જનસંખ્યા નિયંત્રણમાં જ છૂપાયેલું છે. બીજું જે માતા-પિતા કે દાદા-દાદી પોતાના સુખચેનમાં પોતાના વ્હાલાસોયને ભાગીદાર બનાવી શકતા નથી, તો તેઓ દેશનું શું ભલું કરશે. આવા લોકો બાળકોને સ્વાર્થ અને સ્વછંદતાનું શિક્ષણ આપશે. આજે આપણે આવા જ સમાજમાં જીવી રહ્યા છીએ જ્યાં માનવતા મરી પરવરી છે.

ચોથું, કોમોની ચડતી અને પડતીનો આધાર જનસંખ્યા પર નથી બલ્કે તેમના કર્મો અને સિદ્ધાંતો, સાહસ અને સંઘર્ષ પર છે.

સિકંદર વિશ્વ વિજય કરવા નિકળ્યો હતો, તો કોઈ મોટી જનસંખ્યા લઈને ન હોતો નીકળ્યો. તેમ છતાં ઘણાં બધા દેશોને પોતાને આધીન કરી લીધા. મધ્ય એશિયાથી આર્યો જન બળ લઈને ન હોતા આવ્યા પરંતુ ભારતના બહુ સંખ્યક મૂળનિવાસીઓ પર હુમલા કરી તેમને દાસ (શુદ્ર) બનાવ્યા. પ્રતિકાર કરવા છતાં જેઓ આધીન ન થયા તેઓ જંગલોમાં જતા રહ્યા. જેમને આજે

આપણે આદિવાસીઓ કહીએ છીએ. આરબમાં જનસંખ્યાના બળે મુહમ્મદ સ.અ.વ. ક્રાંતિ ન હોતા લાવ્યા. તારિક બિન ઝિયાદે જનસંખ્યાના બળે સ્પેન વિજય ન હોતુ કર્યું. આજે ભારતમાં પણ ચાવીરૂપ અને પ્રતિષ્ઠિત હોદ્દાઓ પર બહુસંખ્યક મૂળનિવાસી લોકો કેટલાં છે! ઇઝરાયલ જનસંખ્યાના બળે દુનિયાના દેશો પર પોતાનો પ્રભાવ નથી ધરાવતો. મોગલોએ ભારત પર રાજ સંખ્યાના બળે ન હોતું કર્યું. અંગ્રેજોએ આપણને સંખ્યાના બળે ગુલામ ન હોતા બનાવ્યા.


એક ગેરસમજ બહુ ઝડપથી ફેલાવવામાં આવી રહી છે કે મુસ્લિમો પોતાની સંખ્યા વધારીને આ દેશ પર કબ્જા કરવા માંગે છે. બલિયાના બીજેપી વિધાયક સુરેન્દ્રસિંહએ તો અહી સુધી કહી દીધું કે મુસ્લિમ ધર્મમાં લોકો ૫૦ પત્નીઓ રાખે છએ અને ૧૦૫૦ બાળકો પેદા કરે છે. બાળકો પેદા કરે છે તેથી દરેક હિંદુને ઓછામાં ઓછા ૫ બાળકો પેદા કરવા જોઈએ. આશ્ચર્યમ !! કોઈ નિષ્ણાત ગણિતજ્ઞની મદદ લીધી હોત તો કદાચ કાચું કાપવું ન પડત. આ વાત તદ્દન ખોટી છે. તેના માટે જે આંકડાઓ દર્શાવવામાં આવે છે તે બધા ઉપજાવી કાઢેલા છે. આપણા પી.એમ. જયારે ગુજરાતના સી.એમ હતા ત્યારે તેમણે પણ "હમ પાંચ હમારે પચ્ચીસ" જેવા વાહિયાત આંકડા આપ્યા હતા. મુસ્લિમો જનસંખ્યા વૃદ્ધિ સેન્સેક્સ જોતા દેખીતી રીતે વધારે લાગે છે , પરંતુ તેમની વૃદ્ધિમાં કમી આવી છે દા.ત. ૧૯૯૧-૨૦૦૧ના દશકમાં હિંદુઓનો વૃદ્ધિ દર ૧૯.૯૨ હતો, જયારે ૨૦૦૧-૨૦૧૧ના દશકમાં ૧૬.૭૬ હતું એટલે ૩.૧૬ની કમી આવી જયારે કે મુસ્લિમોની વૃદ્ધિ દર ૨૯.૫૨ થી ઘટી ને ૨૪.૬ થઈ એટલે ૪.૯૨ની કમી આવી, જે દર્શાવે છે કે મુસ્લિમો દેશમાં હિંદુઓ કરતાં ૨.૬૬ ટકા વધારે ઝડપથી ઓછા થઈ રહ્યા છે. આવા સામુદાયિક નિવેદનો કરવાથી સમાજમાં ઘૃણાની ભાવના પેદા થાય છે.

મુસ્લિમો આ જ દેશના મૂળનિવાસી છે, આર્યોની જેમ બહાર થી આવ્યા નથી અને ક્યાય જવાના નથી. તેથી હિંદુ ભાઈઓએ ગભરાવવાની જરૂર નથી કે મુસલમાનોની સંખ્યા વધી રહી છે તેથી મુસલમાનોનો નરસંહાર કરાવવા ઘૃણા ફેલાવવાની જરૂર છે. "હિંદુ ધર્મ ખતરે મે હે", "ભારત મે લઘુમતિ સુરક્ષિત ઔર બહુમતિ અસુરક્ષિત હૈ" જેવા કુપ્રચાર કરાવવાની જરૂર નથી. નરી આંખે જોઈ શકાય છે કે આજે દરેક ક્ષેત્રમાં મુસ્લિમો પછાત છે. ઘણી બધી કમિટીઓ અને કમિશનોના રિપોર્ટ જોઈ શકાય છે. નાનામાં નાના સ્તરથી લઈને મંત્રી, સંત્રી, તંત્રી અને પી.એમ પ્રમુખ સુધી બધા હિંદુ ભાઈઓ જ બિરાજમાન છે. તેમણે શાંતિથી વિચારવું જોઈએ કે જયારે મોગલો અને અંગ્રેજાનો રાજ તેમને સમાપ્ત ન હોતો કરી શકયો. તો હવે તો સત્તા આપણી પોતાની છે તો કોણ નષ્ટ કરશે. અસુરક્ષાનો ભાવ મનની અશાંતિથી થાય છે અને મનની અશાંતિ અસત્યના કારણે ઉદ્ભવે છે. સત્યવાદી વ્યક્તિ કોઈથી ડરતી નથી. ગભરામણ અનુભવતી નથી. જ્યાં સત્ય છે ત્યાં ભયને અવકાશ નથી, અને સત્યની ખાસિયત એ છે કે તે પ્રાકૃતિકરૂપે ફેલાય છે. જેમ બીજ ક્રમશઃ વટવૃક્ષ બની જાય છે તેમ સત્ય ક્રમશઃ ઉચ્ચસ્થાને પહોંચે છે. જેની પ્રકૃતિમાં જ વિસ્તરણ છે. કુઆર્ન ફરમાવે છે, "શું તમે જોતા નથી કે અલ્લાહે 'કલિમએ તૈયિબહ' (પવિત્ર વાત)ને કઈ વસ્તુ સાથે સરખાવેલ છે? આનું ઉદાહરણ એવું છે કે એક ઉચ્ચ પ્રકારનું વૃક્ષ જેના મૂળ જમીનમાં ઊંડે સુધી જામેલા છે અને શાખાઓ આકાશ સુધી પહોંચેલી છે. પ્રત્યેક ક્ષણે તે પોતાના રબના હુકમથી પોતાના ફળ આપી રહ્યું છે. આ ઉદાહરણો અલ્લાહ એટલા માટે આપે છે કે લોકો તેનાથી બોધ ગ્રહણ કરે. અને 'કલિમએ ખબીસા' (અપવિત્ર વાત)નું ઉદાહરણ તે ખરાબ પ્રકારના વૃક્ષ જેવું છે જે જમીનમાંથી ઉખાડીને ફેંકી દેવામાં આવે છે, તેના માટે કોઈ સ્થાયિત્વ નથી." (સૂરઃ ઈબ્રાહીમ-૨૪ થી ૨૬)

બંધારણે આપણને 'રાઈટ ટુ ચોઈસ' અને 'રાઈટ ટુ લિબર્ટી' આપી છે. કોઈ નાગરિકથી કોઈપણ મામલામાં બળજબરી કરી શકાય નહીં. દરેક નાગરિકને પોતાની મરજી મુજબ જીવન જીવવાનો અધિકાર છે. એક જ દેશના સમાન નાગરિકો માટે બે માપદંડ કે બે કાયદા હોઈ શકે નહી. આ વસ્તુ બિલકુલ હાસ્યાસ્પદ છે. એક વિશેષ કોમ્યુનિટીને વધુ બાળક પેદા કરવા પ્રોત્સાહન અપાય અને બીજા ટાર્ગેટેડ સમુદાયને પ્રતિબંધિત કરવામાં આવે. આ બેવડી નીતિ નાગરિકો વચ્ચે અન્યાયની લાગણી પેદા કરે છે, જે ભારત જેવા બિન સાંપ્રદાયિક દેશમાં લાંબા સમય સુધી ચાલી શકે નહી. ⏭


**Prince Fabrication**

Akil bhai M. 9426584514
Ibrahim bhai M. 9723713519
Ismail bhai M. 9409407917



ALL KIND OF GATE, GRILL, CHANAL GATE, SPIRAL STAIR, STAIR RAILING


205, LOKHANDWALI'S CHAWL, OPP. MOHAMMADI MASJID, RAKHIYAL ROAD, BAPUNAGAR, AHMEDABAD - 380024 (O) : 079 - 22742658



ઉજ્જવળ

મુહમ્મદ ઇકબાલ

# મજબૂત કુટુંબ વ્યવસ્થાઃ મુસ્લિમ સમાજની મોટી તાકત




ડેવિડ સેલબોર્ન પશ્ચિમી જગતનો વિખ્યાત લેખક છે. તેણે એક પુસ્તક લખ્યું છે. ''The Losing battle with Islam''. આ પુસ્તકમાં તેણે લખ્યું છે પશ્ચિમી જગત ઈસ્લામથી પરાજિત થઈ રહ્યું છે. તેણે હારના ઘણા કારણો ગણાવ્યા છે, જેમાં ઈસ્લામની મજબૂત કુટુંબ વ્યવસ્થાને પણ એક કારણ ગણાવ્યું છે.

**પશ્ચિમી** જગતમાં કુટુંબ વ્યવસ્થા નષ્ટ થઈ ચૂકી છે. લોકો શાદી કરવાનું પસંદ નથી કરતા. સમલૈંગિકતા, અવૈધ સંબંધ, લિવ ઇન રીલેશન જેવા અનિષ્ટો ફેલાવાના કારણે કુટુંબ વ્યવસ્થા તૂટતી જઈ રહી છે. રોજબરોજ એવા બાળકોની સંખ્યા વધતી જઈ રહી છે જેમને ખબર નથી કે તેમનો પિતા કોણ છે? વૃદ્ધ માંબાપને ઘરમાં સાથે રાખવા કોઈ તૈયાર નથી. વૃદ્ધાશ્રમમાં તેમની ઉંમર ગુજરતી રહે છે.

પશ્ચિમના સમાજમાં આ એવા સામાજિક પરિવર્તન આવી ચૂક્યા છે જેના પરિણામે પશ્ચિમનો સમાજ બર્બાદીના કીનારે પહોંચી ગયો છે. પશ્ચિમી જગતમાં કુટુંબ વ્યવસ્થા એટલી ખરાબ રીતે બર્બાદ થઈ ચૂકી છે કે ત્યાંની રાજકીય પાર્ટીઓ કુટુંબ વ્યવસ્થાને બચાવવાના વાયદાઓ પોતાના ચૂંટણી ઢંઢેરામાં કરે છે. ઓસ્ટ્રેલિયામાં તો ''ફેમીલી ફર્સ્ટ'' નામક એક રાજકીય પક્ષ જ ઊભો થઈ ગયો છે. કુટુંબ વ્યવસ્થાને બચાવવી પશ્ચિમના જગતનો સૌથી મોટો મુદ્દો છે. કેમકે તેમને હે લાગી રહ્યું છે કે જો કુટુંબ નહીં બચે તો સમાજ પણ આજે નહીં તો કાલે ધ્વસ્ત થઈ જ જશે.

અમેરિકાનો ઈસ્લામોફોબિક લેખક બિલ વોર્નર જે પોતાને પોલીટિકલ ઈસ્લામનો ટીકાકાર કહે છે, તેણે પોતાના તાજેતરના એક પ્રોગ્રામમાં પ્રશ્નનો જવાબ આપતા કહ્યું કે અમેરિકન સ્ત્રીઓ મુસલમાનોથી લગ્ન કરવાનું પસંદ કરે છે, કેમકે આવું કરવાથી તેમને એક પતિ મળે છે, તેમના બાળકોને પિતા મળે છે આ કારણસર અમેરિકન સ્ત્રીઓ મુસલમાનોથી શાદી કરવા માટે આકર્ષાય છે.

એક અન્ય સવાલનો જવાબ આપતા તેણે કહ્યું કે ઈસ્લામ કુટુંબને સભ્યતાનો આધાર માને છે. અને હું આ વાતથી સંમત છું અમેરિકામાં વૃદ્ધો અને મોટી ઉંમરના લોકો સાથે ખરાબ વર્તન સામાન્ય વાત છે. પરંતુ મુસલમાનો વૃદ્ધો અને આધેડ લોકો સાથે સારો વ્યવહાર કરે છે. ભલે તે વૃદ્ધો અને મોટી વયના લોકો વિધર્મી જ કેમ ન હોય..

પશ્ચિમના વિચારકો આ વાત સારી રીતે જાણે છે કે સમગ્ર વિશ્વમાં ઈસ્લામ અને મુસ્લિમ સમાજ પાસે જ સૌથી ઉત્તમ કુટુંબ વ્યવસ્થા છે. ઈસ્લામ એક એવી ઈકો સિસ્ટમ ડેવલપ કરે છે જ્યાં કુટુંબ વ્યવસ્થા રોજબરોજ વૃદ્ધિ પામે છે. જ્યાં બાળકોનું સારું પાલન પોષણ થાય છે અને વૃદ્ધો સાથે સન્માન અને સદ્‌વર્તન થાય છે.

કુર્આન મુસલમાનોને તેમના મા-બાપ સાથે સદ્‌વર્તનનો આદેશ આપતા કહે છે કે, "તારા રબે ફેંસલો કરી દીધો છે કે તમે કોઈની ઉપાસના ન કરો, પરંતુ કેવળ તેની. માતા-પિતા સાથે સારો વ્યવહાર કરો. જો તમારા પાસે તેમાંથી કોઈ એક, અથવા બંને, વૃદ્ધ થઈને રહે તો તેમને ઊંહકારો પણ ન કહો, ન તો તેમને ધુત્કારીને જવાબ આપો, બલ્કે તેમના સાથે આદરપૂર્વક વાત કરો, અને નમ્રતા અને મહેરબાની સાથે તેમના સામે નમીને રહો અને આ દુઆ કર્યા કરો કે, પાલનહાર ! આમના ઉપર દયા કર જે રીતે તેમણે મમતા અને સ્નેહપૂર્વક મને બાળપણમાં ઉછેર્યો હતો." (સૂરઃ બની ઈસરાઈલ, ૨૩-૨૪)

ઈસ્લામ પતિ-પત્ની વચ્ચે પારિવારિક સંબંધને સંતોષ, પ્રેમ, સહાનૂભૂતિ, સ્નેહ, મમતા અને બંનેના અધિકાર અને જવાબદારી અને પરંપરા અનુસાર હળીમળીને સાથે રહેવાના નિયમ પર ભાર મૂકે છે. કુર્આન કહે છે, "... તેમના સાથે ભલી રીતે જીવન વિતાવો. જો તેઓ તમને પસંદ ન હોય તો બની શકે છે કે એક વસ્તુ તમને પસંદ ન હોય પરંતુ અલ્લાહે તેમાં જ ઘણીબધી ભલાઈઓ મૂકી દીધી હોય." (સૂરઃનિસા, ૧૯)

કુર્આન અને હદીસમાં ઈસ્લામની વિસ્તૃત અને સ્પષ્ટ શિક્ષાઓ મુસલમાનોને આ વાતનો આદેશ આપે છે કે તેઓ પોતાના બાળકો, પત્ની, માં-બાપ અને સગાવ્હાલા સાથે સદવર્તન કરે, તેમનું ધ્યાન રાખે, તેના બદલામાં તેઓ આખિરત (પરલોક)માં ઉત્તમ ઇનામના હકદાર બનશે.

પરલોકની સફળતાને પ્રાપ્ત કરવાની પ્રેરણા મુસલમાનોને સદ્‌વર્તન કરવા પ્રેરે છે. જેના ફળસ્વરૂપે સારા અને સુખી કુટુંબ તેમજ સારા અને સ્વચ્છ સમાજનું નિર્માણ થાય છે. જેમાં સંતોષ, રાહત અને આનંદ પ્રાપ્ત થાય છે. જે કુટુંબ અને સમાજને સ્થિરતા અને સ્થાયિત્વ અર્પણ કરે છે.

આ જ કારણ છે કે ડેવિડ સેલબોર્ડ અને બિલ વોર્નર જેવા લેખક પણ એમ કહેવા વિવશ થઈ જાય છે કે ઈસ્લામની મજબૂત કુટુંબ વ્યવસ્થાના કારણે જ પશ્ચિમ વહેલુ કે મોડુ ઈસ્લામથી પરાજિત થઈ જશે.

આ થોડા દિવસોથી મલાલા યૂસુફ જઈનું આ નિવેદન ખૂબ ચર્ચામાં છે જેમાં તેણીએ કહ્યું કે લગ્ન કરવા જરૂરી નથી. (બિચારી આ અફઘાન છોકરીને પશ્ચિમે ક્યાંથી ક્યાં પહોંચાડી દીધી!!) તેનું આ નિવેદન વાસ્તવમાં સમાજના પાયા ઉપર પ્રહાર છે. કેમકે જો મનુષ્ય લગ્ન નહીં કરે તો કુટુંબ નહીં બને અને કુટુંબ જ નહીં બને તો સમાજનું નિર્માણ કેવી રીતે થશે!! મલાલા યૂસુફજઈને પશ્ચિમે ઈસ્લામ સામે ઊભી કરી દીધી છે તો પછી તે પોતાના લાભ માટે તેનો ઉપયોગ કરતું રહ્યું છે અને કરતા રહેશે. મલાલા હોય કે તેના સમર્થક હોય, તે બધાનું ટાર્ગેટ ઈસ્લામ અને મુસ્લિમ સમાજમાં મૌજૂદ મજબૂત કુટુંબ વ્યવસ્થાને તોડી નાંખીને ખતમ કરી દેવું છે. લગ્ન વિષયક મલાલાનું તાજેતરનું નિવેદન આ સિલસિલાની એક કડી છે.

મલાલા અને તેના સમર્થક વાસ્તવમાં સભ્યતાઓ વચ્ચેના યુદ્ધમાં પશ્ચિમના મોહરા છે, તેમના એજન્ટ છે. જેઓ સભ્યતાની લડાઈમાં પશ્ચિમની પરાજિત બાજીને જીતમાં બદલવા માટે પાંખો ફફડાવી રહ્યા છે. પરંતુ તેમના હાથમાં પરાજય સિવાય કંઈ જ આવશે નહીં. કેમકે ઈસ્લામની આદર્શ કુટુંબ વ્યવસ્થા કુદરતના પ્રાકૃતિક નિયમો મુજબ માનવીના અંતરાત્માનો અવાજ છે. જેને તરછોડી શકાય તેમ જ નથી. પશ્ચિમ જો તેની પોતાની ભલાઈ ઇચ્છતુ હોય તો તેણે ઈસ્લામે બતાવેલ આ કુટુંબ વ્યવસ્થા જ નહીં બલ્કે સમગ્ર જીવન વ્યવસ્થાને અપનાવવી જ રહી... ⏭

વિમર્શ



મસીહુઝ્ઝમા અંસારી

# ઉત્તર પ્રદેશનું યોગી મોડેલ; વાસ્તવિકતાની તપાસ

**ઉત્તર પ્રદેશ** હંમેશાથી રાજકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહ્યું છે, જે વિવિધ વિચારધારાઓનું ઉદ્ગમ સ્થાન છે. અહીંની રાજકીય હલચલ રાષ્ટ્રીય મીડિયાનું ધ્યાન આકર્ષિત કરતી રહી છે. અહીંની રાજકીય ભૂમિ સમાજવાદી ચળવળ, રામ જન્મભૂમિ આંદોલન અને કાશીરામના બહુજન આંદોલનની પ્રયોગશાળા તરીકે પણ જાણીતી છે.

ઉત્તર પ્રદેશના વર્તમાન મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ છે, જે હિન્દુત્વની છબીના નેતા છે અને ગોરખનાથ પીઠના મહંત છે, જે તેમની ભાષા, નીતિ અને ઉગ્ર રાજકારણી તરીકે જાણીતા છે. ઉત્તર પ્રદેશમાં ભાજપ સરકાર અને યોગી આદિત્યનાથના કાર્યકાળને સાડા ચાર વર્ષ પૂરા થઇ ચૂક્યા છે. આ ચાર વર્ષથી વધુ સમય દરમિયાન યોગી સરકારનો કાર્યકાળ વિવાદોથી ભરપુર રહ્યો છે, જેની વિપક્ષ ઉપરાંત પાર્ટીની અંદર અને બહાર પણ ટીકા થતી રહી છે, પરંતુ દર વખતે યોગી આદિત્યનાથ પરિસ્થિતિને પોતાની તરફેણમાં લાવવામાં સફળ થયા છે. જો કે આમાં મીડિયા અને વહીવટીતંત્રની મોટી ભૂમિકા રહી છે.

કોરોનાની બીજી લહેર દરમિયાન બગડતા આરોગ્ય તંત્રએ દેશ જ નહી પરંતુ વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું. ઓક્સિજનના અભાવને કારણે મૃત્યુ પામેલા લોકો અને હોસ્પિટલ બેડ અને દવાઓ માટે મુશ્કેલીમાં મુકાયેલા, સ્વજનોની પીડા કોઈથી છુપાયેલી નથી. અલ્હાબાદ, બનારસ, જૈનપુર અને અન્ય શહેરોમાં ગંગામાં તરતા સેંકડો મૃતદેહોના અને ગંગાના કાંઠે દફનાવવામાં આવેલા હજારો મૃતદેહોના ડ્રોન ફોટોગ્રાફસે તેમની દાસ્તાન કહી હતી. આ પછી પણ, મીડિયા મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશનની સહાયથી, વિરોધના તમામ અવાજોને દબાવવામાં આવ્યા અને કોરોના રોગચાળામાં સંઘ અને ભાજપ દ્વારા યોગી આદિત્યનાથના સારા પ્રદર્શન માટે પ્રશંસા કરવામાં આવી.

**પત્રકારો પર કાર્યવાહી:**

એક તરફ, યોગી સરકાર મીડિયા મેનેજમેન્ટની મદદથી ઉત્તર પ્રદેશને શ્રેષ્ઠ રાજય તરીકે વર્ણવવાના અભિયાનમાં લાગી છે, પરંતુ બીજી તરફ, સરકારની ટીકા કરનારા પત્રકારોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. પત્રકાર સિદ્દિક કપ્પન અને તેના સાથીઓ, જે હાથરસમાં દલિત યુવતી પર કથિત બળાત્કારના કેસની રિપોર્ટીંગ કરવા જઇ રહ્યા હતા, તેમના પર વાતાવરણને ખલેલ પહોંચાડવા માટે NSA અને અન્ય ગંભીર કલમો હેઠળ કેસ દાખલ કરાયો હતો.

ઉત્તર પ્રદેશની ભાજપ સરકાર અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર પક્ષની નીતિઓની ટીકા કરતા પત્રકારો વિરુદ્ધ કાર્યવાહી કરવાના આરોપ લાગતા રહ્યા છે.

ઉત્તર પ્રદેશમાં ભાજપ સરકારના પૂર્વ સાથી રહેલા સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી (સુભાસપા)ના પ્રમુખ ઓમપ્રકાશ રાજભરે મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને ભાજપ પર આરોપ લગાવતા કહ્યું હતું કે, સરકાર તેમની સામે બદલા ભાવનાથી કાર્યવાહી કરીને પત્રકારોને નિશાન બનાવી રહી છે.

ઓમપ્રકાશ રાજભરે આરોપ



લગાવ્યો હતો કે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને તેમની સરકારે એક વર્ષમાં ૪૦ પત્રકારો સામે એફઆઈઆર દાખલ કરી છે.

ઓમ પ્રકાશ રાજભરે ટ્વીટ કરીને કહ્યું હતું કે યોગી સરકારમાં મિડ-ડે ભોજનના નામે નિર્દોષ બાળકોને મીઠાની રોટલી પીરસવાના સમાચાર લખનારા મિર્ઝાપુર સ્થિત પત્રકાર પવન જયસ્વાલ, આઝમગઢના સંજય જયસ્વાલ, પ્રશાંત કનોજિયા, ભ્રસ્ટાચાર ઉજાગર કરવાવાળા મનીષ પાંડે વગેરે સાથે યુપી સરકારે જે કરી રહી હતી તે શું હતું? ઇમર્જન્સી કે રામરાજ?

તેવી જ રીતે યોગી સરકારમાં ઘણા પત્રકારોની હત્યા કરવાનો મામલો પણ સામે આવ્યો છે.

ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લામાં ૧૩ જૂન ૨૦૨૧ની રાત્રે પત્રકાર સુલભ શ્રીવાસ્તવની હત્યા કરવામાં આવી હતી. બીબીસીના જણાવ્યા અનુસાર, તેમની પત્ની રેણુકા શ્રીવાસ્તવ કહે છે કે તેમણે દારૂ માફિયાઓ વિરુદ્ધ સમાચાર ચલાવ્યા ત્યારથી કેટલાક લોકો તેમની પાછળ હતા. આ ઘટનાના એક દિવસ પહેલા સુલભ શ્રીવાસ્તવે અલ્હાબાદ ઝોનના એડિશનલ ડિરેક્ટર જનરલ અને પોલીસ અધિક્ષક, પ્રતાપગઢને પત્ર લખીને તેની હત્યાની સંભાવના વ્યક્ત કરી હતી, જોકે તેમને કોઈ મદદ મળી ન હતી.

**વિરોધના અવાજને દબાવવાનો પ્રયાસઃ**

યોગી આદિત્યનાથ પર વિરોધના અવાજોને દબાવવાનો આરોપ લાગતા રહ્યા છે. નાગરિકતા સુધારો કાયદાના વિરોધમાં થયેલા પ્રદર્શનોમાં ૧૯ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ, પોલીસ ફાયરિંગને કારણે ઉત્તર પ્રદેશમાં ૧૮ વિરોધીઓ માર્યા ગયા હતા અને રાજ્યભરના હજારો વિરોધીઓ સામે કેસ નોંધાયા હતા અને તેઓને મહિનાઓ સુધી જેલમાં રાખવામાં આવ્યા હતા.

સરકારે દલીલ કરી હતી કે આ પ્રદર્શનકારીઓ આગજની અને હિંસા આદરી હતી અને સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડયું હતું, જ્યારે વિરોધ પ્રદર્શનમાં સામેલ ડઝનબંધ સામાજિક કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે યોગી સરકારનો દાવો ખોટો છે અને પોલીસે શાંતિપૂર્ણ વિરોધીઓ પર ગોળીબાર કર્યો હતો, તેનો વીડીયો પણ વાયરલ થયો હતો.

**ભાજપ પર ચૂંટણીમાં અરાજકતાનો આરોપઃ**

ઉત્તરપ્રદેશમાં તાજેતરની પંચાયતની ચૂંટણીમાં ભાજપના નબળા પ્રદર્શન પછી, જિલ્લા પંચાયત પ્રમુખ અને બ્લોક પ્રમુખની ચૂંટણીમાં ધાંધલીઓ કરવામાં આવી, ગોળીઓ અને બોમ્બ ચલાવવામાં આવ્યા હતા અને પોલીસના અધિકારીઓએ થપ્પડ મારવામાં આવી અને વિપક્ષી ઉમેદવારોના નામાંકન દાખલ કરવામાં વિક્ષેપ કરવામાં આવ્યો.

બ્લોક પ્રમુખની ચૂંટણીમાં, મહિલાઓ સાથે અશ્લીલ વર્તન કરવામાં આવ્યું હતું અને ભાજપના કાર્યકર્તાઓ દ્વારા તેઓને માર મારવામાં આવ્યા હતા, તેમની સાડીઓ ખેંચવામાં આવી હતી અને તેમની સાથે અમાનવીય વર્તન કરવામાં આવ્યું હતું, જેની રાષ્ટ્રીય સ્તરે ટીકા થઈ હતી.

કોંગ્રેસના મહાસચિવએ ભાજપના આ વર્તન પર ટ્વિટ કરીને કહ્યું હતું કે, ‘‘લોકોએ મતો આપીને બીડીસીની પસંદગી કરી હતી, યોગીજીના જંગલરાજે તેમને બુલેટ, બોમ્બ, પથ્થર, લાકડીઓથી ધમકી આપી હતી, અપહરણ કર્યું હતું, મહિલા સભ્યો સાથે ગેરવર્તન કર્યું હતું. યોગીજીના જંગલ રાજે મતની લોકશાહીને પરાજિત કરી છે. તેઓએ ધ્યાનમાં રાખવું જોઈએ કે આ દેશ, તેની લોકશાહી, તેના લોકો તેમના કરતા મોટા છે.’’

**‘બોલીથી નહીં, ગોલી દ્વારા સત્તા ચલાવવાનો પ્રયાસઃ**

યોગી સરકાર કાર્યકાળની શરૂઆતથી જ બંધારણની ભાવના વિરુદ્ધ બયાનો કરી રહી છે. તેમણે કહ્યું હતું કે ‘બોલી’ દ્વારા જે સુધરશે નહી તેને ‘બુલેટ’ દ્વારા સુધારવામાં આવશે. આ નિવેદન અંગે રાજકીય વર્તુળોમાં ઘણી ટીકા થઈ હતી.

તેવી જ રીતે યોગીએ ગુનેગારો સામે એન્કાઉન્ટર કલ્ચર શરૂ કર્યું હતું અને ‘ઠોકી દો’ની પ્રથાને જન્મ આપ્યો હતો. એવો દાવો કરવામાં આવ્યો હતો કે ગુનેગારોએ કાં તો સુધરી જવું પડશે અથવા રાજ્ય છોડી દેવું પડશે. જો કે, આંકડા દર્શાવે છે કે આટલા બધા એન્કાઉન્ટર પછી પણ ગુનાઓ વધ્યા છે.

ઉત્તર પ્રદેશ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ અવનીશકુમાર અવસ્થીએ તાજેતરમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારના કાર્યકાળ દરમિયાન સંગઠિત ગુનાઓ દૂર કરવામાં આવ્યા છે. ઉપરાંત, ૨૦ માર્ચ ૨૦૧૭ થી ૨૦ જૂન ૨૦૨૧ ના ?? ગાળામાં પોલીસ એક્રાઉન્ટરમાં કુલ ૧૩૯ ગુનેગારો માર્યા ગયા છે અને ૩,૧૯૬ ઘાયલ થયા છે.

જોકે, આ દાવાઓ છતાં, ઉત્તર પ્રદેશમાં અપરાધોની સંખ્યામાં અનેકઘણો વધારો થયો છે, ખાસ કરીને મહિલાઓ વિરુદ્ધ ગુનાહિત બનાવોમાં વધારો થયો છે.

**રોજગાર માટે યુવાનો રોજ લખનૌમાં પ્રદર્શનો કરી રહ્યા છેઃ**

યોગી સરકાર દ્વારા લાખો

નોકરીઓ આપવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, પરંતુ ઉત્તર પ્રદેશના યુવાનો દરરોજ લખનૌ આવે છે અને ક્યારેક શિક્ષકની ભરતી તો ક્યારેક પોલીસ ભરતીની માંગ માટે પ્રદર્શનો કરી રહ્યા છે.

છેલ્લા થોડાં સમયમાં બેકારીના લીધે અલ્હાબાદ અને લખનૌમાં યુવાનો દ્વારા આત્મહત્યાના કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે.

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ પોતાની ટ્વિટમાં કહ્યું કે, "યોગી સરકાર ઉત્તર પ્રદેશ ભાજપ સરકાર યુવાનો સાથે ઘણું ખોટું કરી રહી છે. સરકારે રોજગાર આપવા માટે ખોટો પ્રચાર કર્યો છે, પરંતુ જ્યારે યુવાનો તેમનો હક માંગવા જાય છે ત્યારે તેમને પીટવામાં આવે છે. ગઈકાલે શિક્ષક ભરતીમાં સામાજિક ન્યાયની જોગવાઈઓનો યોગ્ય અમલ કરવાની માંગ કરતા યુવાનોને માર મારવામાં આવ્યો હતો. અહેવાલો મુજબ મહિલાઓને પેટમાં લાત મારી હતી."

**દલિતો પર અત્યાચાર:**

સામાજિક કાર્યકરો દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે યોગી સરકાર હેઠળ દલિતો પર અત્યાચાર વધ્યા છે. હાથરસની ઘટનાએ ઉત્તર પ્રદેશમાં દલિતોની હાલત અને તેમની સાથે વર્તનને દેશ અને વિશ્વ સામે ઉજાગર કરી છે.

વર્ષ ૨૦૨૦માં, ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને બસપા સુપ્રીમો માયાવતીએ કહ્યું હતું કે, "યુપી સરકારની અનંત ઘોષણાઓ અને સૂચનાઓ છતાં, દલિતો અને મહિલાઓ પર અન્યાય-અત્યાચાર, બળાત્કાર અને હત્યાની ઘટનાઓ અટકતી નથી. આવી સ્થિતિમાં સરકારના ઈરાદા ઉપર સવાલ ઉઠવો સ્વાભાવિક છે. ખાસ કરીને છોકરીઓ માટે ઘરની બહાર આવવાનું મુશ્કેલ બની ગયું છે, તો આવા કાયદા અને વ્યવસ્થાનો શું ઉપયોગ?"

દલિત નેતા તરીકે ઓળખ બનાવી ચૂકેલા ચંદ્રશેખર આઝાદે યોગી સરકારને મનુવાદી સરકાર ગણાવીને અનેક વખત મીડિયા સમક્ષ નિવેદનો આપ્યા છે અને દલિતો પર અત્યાચારનો આરોપ લગાવ્યો છે.

**મહિલાઓ સામેના અપરાધોમાં વધારો:**

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ તેમના કાર્યકાળના ત્રણ વર્ષ બાદ દાવો કર્યો હતો કે પ્રદેશમાં અપરાધનું પ્રમાણ ઓછામાં ઓછું છે. પરંતુ NCRBના ડેટા રાજ્યમાં ગુનાનો અલગ આંકડો રજૂ કરે છે. યોગી આદિત્યનાથે દાવો કર્યો હતો કે, "યુપીમાં ગુનાઓનું પ્રમાણ ન્યૂનતમ છે, કાયદો અને વ્યવસ્થા વધુ સારી સ્થિતિમાં છે અને તે આગળ પણ વધુ સારી સ્થિતિમાં રહેશે.

જો કે, જાન્યુઆરી ૨૦૨૦ માં નેશનલ ક્રાઇમ રેકોર્ડ્સ બ્યુરો (એનસીઆરબી)ના વાર્ષિક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે મહિલાઓ સામેના ગુનામાં ઉત્તર પ્રદેશ મોખરે છે. દેશમાં મહિલાઓ વિરુદ્ધ ૨૦૧૮ માં કુલ ૩૭૮,૨૭૭ કેસ નોંધાયા હતા અને એકલા યુપીમાં ૫૯,૪૪૫ કેસ નોંધાયા હતા. એટલે કે, દેશની કુલ મહિલાઓ પરના અપરાધોના લગભગ ૧૫.૮% ગુનાઓ.

આ દાવાઓ અને આવા સેંકડો દાવાઓ ઉત્તર પ્રદેશની યોગી સરકારની વાસ્તવિક તસવીર દર્શાવી રહ્યા છે. મીડિયા મેનેજમેન્ટની સહાયથી ચિત્રને સુધારવાના પ્રયાસમાં, પ્રતિકારનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે, બેરોજગારો પર લાઠી વરસાવવામાં આવી રહી છે, રાજકીય વિરોધીઓને કેદ કરવામાં આવી રહ્યા છે, પત્રકારો ઉપર NSA લાદવામાં આવી રહી છે અને ભાજપના કાર્યકરો દ્વારા લોકશાહી સંસ્થાઓના સાર્વભૌમત્વને ખંડિત કરવામાં આવે છે.

આ બધું એ સ્વઘોષિત રાષ્ટ્રવાદી પાર્ટી દ્વારા કરવામાં આવી રહ્યું છે જે હિન્દુત્વના નામે સત્તા પર આવી હતી અને 'રામ રાજ્ય'ના સપના બતાવ્યા હતા. શક્ય છે કે તેમના માટે 'રામ રાજ્ય' ની વ્યાખ્યા આ જ હતી, પરંતુ જનતાને કંઇક બીજું સમજાયું હશે. ⏭


અસલ રાંદેરના જુના અને જાણીતા હાડવૈદ™


**ડૉ. ઇસ્માઇલભાઈ લાલા**

ડી.ઓ.એમ., એન.ડી., એમ.ડી. (હર્બલ)

નસ તથા હાડકાના રોગોના નિષ્ણાંત, ઓપરેશન વગર સારવાર

**M. 98241 82055, 97126 55055**

ફ્રેક્ચર, હાડકાઓનું ગંભીર રીતે ભાંગી જવું, હાડકાના ચૂરેચૂરા થઈ જવા, સાંધાઓનું ઉતરવું, હાડકાનો જૂનો દુઃખાવો, સ્લીપ ડિસ્ક તથા ખોડ ખાંપણની ખાત્રીપૂર્વક ઉપચાર કરી આપીશું.




An ISI 9001 : 2015 Certified Clinic

અડાજણ ક્લિનીક :
એલ-૮, શકુંતલ કોમ્પ્લેક્ષ,
સંઘવી ટાવરની બાજુમાં,
અડાજણ રોડ, સુરત - ૩૫૯૦૦૯
(ગુજરાત) ભારત.
સમય : સવારે ૯.૦૦ થી ૧.૦૦
(રવિવારે રાબેતા મુજબ, શુક્રવારે બંધ)
ફોન: ૦૨૬૧ - ૨૭૮૬૦૫૫

ક્યોર ક્લિનીક

રાંદેર ક્લિનીક:
જી-૧, અમન એપાર્ટમેન્ટ,
નાની પારસીવાડ, રાંદેર ગામ,
સુરત - ૩૯૫ ૦૦૫ (ગુજરાત) ભારત.
સમય : સાંજે ૬.૦૦ થી ૮.૦૦
(રવિવારે ૪.૦૦ થી ૬.૦૦, ગુરૂવારે બંધ)
ફોન: ૦૨૬૧ - ૨૭૭૬૦૫૫

એપોઇન્ટમેન્ટ લઈને આવવું.

અન્ય કોઈ શાખા નથી.

**મૂળ પ્રશ્ન**



**શિબ્લી અરસલાન**

# આધુનિક દુનિયામાં વ્યક્તિગત સ્વતંત્રતા :
# સૂત્રો વિરુદ્ધ વાસ્તવિકતા

**વર્તમાન** યુગની સૌથી મોટી વિડંબણા આ છે કે વ્યક્તિગત સ્વતંત્રતાના ગગનચુંબી સૂત્રોની વચ્ચે સૌથી વધુ વ્યક્તિગત સ્વતંત્રતા પર જ પ્રહારો થઈ રહ્યાં છે. આધુનિક લોકતંત્ર અને ઉદારવાદનો દુનિયાભરમાં ઢોલ નગારાની સાથે આ પ્રચાર કરવામાં આવ્યો હતો કે આમાં વ્યક્તિનું વ્યક્તિત્વ અને તેની સ્વતંત્રતા અતૂટ રાખવામાં આવશે. પરંતુ થયું તેનાથી ઉલટું, સૌથી વધુ વ્યક્તિગત સ્વતંત્રતા જ પાયમાલ થઈ રહી છે. દુનિયાભરમાં લોકતંત્રના નામ પર મેળવેલી મોટી મોટી રાજ્યસત્તા, વ્યક્તિની સ્વતંત્રતા પર હુમલો કરનાર છે. લોકતંત્રની સ્થાપનાના નામ પર પશ્ચિમી દેશોએ ગરીબ અને નબળા દેશોને જે વિનાશ લીલા દેખાડી છે, તે આધુનિક દુનિયાની ભયજનક કડવી વાસ્તવિકતા છે. અફઘાનિસ્તાન, ઈરાક જેવા ઘણાં દેશોનાં મોટા ભાગોને કબ્રસ્તાનમાં પરિવર્તિત કરીને નવસામ્રાજ્યવાદી શક્તિઓ અટ્ટહાસ્ય કરતી રહી. આ જ પશ્ચિમી દેશોમાં અશ્વેતો વિરુદ્ધ કેવો જાતિ ભેદભાવ થતો રહ્યો, તે હાલમાં ગત મહિને અમેરિકાના ઓકલાહોમા શહેરમાં અશ્વેતોની વિરુદ્ધ થનારા સૌથી મોટા નરસંહારની ૧૦૦મી વર્ષગાંઠ મનાવવામાં આવી તે પરથી જાણી શકાય છે. 'black lives matter' કેપ્શન હેઠળ પશ્ચિમી દુનિયામાં સતત આંદોલન ચાલતું રહ્યું છે. ગત વર્ષે એક નિહત્થા અશ્વેત યુવક જોર્જ ફ્લાયડનો અમેરિકન શ્વેત પોલીસ ઓફિસર દ્વારા પીડાદાયક હત્યાનો વિડિયો દુનિયાભરમાં વાયરલ થયો હતો. દુનિયાની મોટી મોટી લોકતાંત્રિક સરકારો વૈચારિક વિરોધ અને અસહમતીની અવાજનો જે તીવ્રતાથી દમન કરે છે, એવું સંગઠિત અને ખતરનાક દમન કદાચ ઈતિહાસમાં ક્યારેય થયું હોય. વિડંબણા જુઓ, આ બધું 'સ્વતંત્રતા'ના સૂત્રો, ઘોષણાઓ અને શિખર સંમેલનોની સાથે સાથે ચાલી રહ્યાં છે.

ગત વર્ષ G7ના શિખર સંમેલનના અવસર પર, જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ વિશેષ અતિથિ તરીકે શામેલ હતાં, દ્વારા સંયુક્ત નિવેદન જારી કરવામાં આવ્યું હતું, ''અમે એક મહત્વપૂર્ણ વળાંક પર છીએ, જ્યાં વધતાં સરમુખત્યારશાહી, ચૂંટણીમાં હસ્તક્ષેપ, ભ્રષ્ટાચાર, સૂચનાની હેરફેરના ચાલતા સ્વતંત્રતા અને લોકતંત્ર માટે ખતરાઓનો સામનો કરવો પડી રહ્યો છે...'' મહાકવિ અલ્લામા ઈકબાલ એ કહ્યું હતું,

**યે ઈલ્મ, યે હિકમત, યે તદબ્બુર, યે હુકુમત**
**પીતે હૈં લહુ, દેતે હૈ તાલીમ-એ-મસાવાત**

૨૦૦૩માં ઈરાકના યુદ્ધ દરમ્યાન યુએસ આર્મી અને સીઆઈએના ઓફીસર્સ દ્વારા ઈરાકની અબુ ગરીબની જેલમાં કેદીઓને જે રીતે ફીઝીકલી, સેક્સ્યુઅલી અને મેન્ટલી રીતે પ્રતાડિત કર્યા હતા, જેનો ખુલાસો એમનેસ્ટી ઈન્ટરનેશનલ અને એસોસીએટેડ પ્રેસની રિપોર્ટમાં બાદમાં થયો હતો, એવું કદાચ દુનિયાએ ક્યાંય સાંભળ્યું હોય કે જોયું હોય. ગ્વાંતાનામો-બે જેલની યાતનાને કોણ ઓળખતું નથી. ગ્વાંતાનામો-બે અમેરિકી સરહદની બહાર એક દરિયાઈ તટ છે, જેની પર અમેરિકાનો કબ્જો છે. આ જેલને ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧માં અમેરિકામાં થયેલા આતંકવાદી હુમલા બાદ બનાવવામાં આવી હતી.

જ્યોર્જ બુશ જુનિયરની સરકાર દરમ્યાન પકડાયેલા કથિત આતંકવાદીઓને અહીં એટલા માટે રાખવામાં આવ્યાં હતાં કે જેથી અમેરિકી કાયદા હેઠળ, જે નાગરિક અધિકારોની વ્યવસ્થા છે, તેના લાભથી તે વંચિત રહે. જો બાઈડન સરકારની સ્પષ્ટ ઘોષણા છતાં વધુ પડતાં નિરીક્ષકોને આ વાત પર વિશ્વાસ નથી કે આ વખતે ખરેખર ગ્વાંતાનામો-બે જેલને બંધ કરી દેવામાં આવશે. સ્વતંત્ર ભારતમાં સત્તા અને વ્યવસ્થાતંત્રનું વ્યક્તિગત સ્વતંત્રતાના મામલામાં જે જાતિવાદી, ગરીબ વિરોધી અને સાંપ્રદાયિક વલણ રહ્યું છે, તેનું નિર્લજ્જ પ્રદર્શન તમામ સરકારોમાં નજર આવે છે.

અમેરિકી વ્યવસ્થાતંત્ર પ્રત્યે વફાદારી પ્રદર્શિત કરવા માટે ભારતીય સરકાર દ્વારા ૯/૧૧ બાદથી કથિત 'આતંકવાદ વિરુદ્ધ જંગ' ના નામ પર પોતાના જ દેશનાં હજારો ગરીબ અલ્પસંખ્યક નાગરિકોને જે રીતે સંગીન

કલમો હેઠળ વર્ષો સુધી જેલમાં રાખીને તેમની જિંદગીઓને બરબાદ કરી નાખવામાં આવી, જેને ૨૦ ૨૦ વર્ષો પછી આપણી ન્યાય વ્યવસ્થા 'બા ઈજ્જત બરી' કરી રહી છે, હવે ઓપન સિક્રેટ છે, પરંતુ રમત ચાલુ છે. હાથરસ કેસ થકી પ્રકાશમાં આવેલા કેરળના પત્રકાર સિદ્દીક કપ્પનને કોરોના પોઝિટિવ હોવાં છતાં હોસ્પિટલના બેડમાં સાંકળથી બાંધીને રાખવામાં આવ્યો. હાલ થોડાં દિવસો પહેલા અલ કાયદાના સંદિગ્ધ આતંકવાદી જણાવીને જે ગરીબ લાચાર લોકોની લખનઉથી ધરપકડ કરવામાં આવી હતી, જેની પર ગંભીર સવાલ ઉઠાવવામાં આવી રહ્યાં છે, આ સંબંધમાં સ્વયં યુપીના એડીજી લો એન્ડ ઓર્ડર આમ કહી રહ્યાં છે કે હજુ અવલોકન બાકી છે, પરંતુ વ્યક્તિગત સ્વતંત્રતાથી બેદરકાર લગામ વગરનું વ્યવસ્થાતંત્ર અને સત્તાએ દેશવિરોધી ષડયંત્ર હેઠળ સંગીન કલમો લગાવી દીધી છે. વ્યક્તિગત સ્વતંત્રતાનું ખૂબ જ મહત્વનું પાસું 'અભિવ્યક્તિની સ્વતંત્રતા' છે, જેની પરિસ્થિતિ આ છે કે ઈન્ટરનેટ અને સોશ્યલ મીડિયાને અંકુશ કરવામાં આવી રહ્યા છે. ઘણાં સ્વતંત્ર ઓડિટર્સ દ્વારા એકઠા કરવામાં આવેલા આંકડા પ્રમાણે ફક્ત ૨૦૧૯ અને ૨૦૨૦માં જ ૧૩,૦૦૦ કલાકથી વધુ સમય માટે ઈન્ટરનેટ બંધ રાખવામાં આવ્યું હતું અને આ દરમ્યાન ૧૬૪ વખત ઈન્ટરનેટ બંધ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૯માં ભારત સરકારે ૪૧૯૬ કલાક માટે ઈન્ટરનેટ પર પાબંદી લગાવી હતી, જેને ચાલતા ૧.૩ અરબ ડોલરનો પ્રભાવ પડ્યો હતો. વર્ષ ૨૦૨૦માં આ આંકડો બમણો થઈ ગયો અને આ દરમ્યાન સરકારે ૮૯૨૭ કલાક માટે ઈન્ટરનેટ પર પાબંદી લગાવવામાં આવી. આ આંકડા વૈશ્વિક વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક (VPN) રિવ્યૂ વેબ સાઈટ "Top10VPN.com" દ્વારા એકઠા કરેલાં છે.

પ્રશ્ન આ છે કે આધુનિક દુનિયાની આ વિડંબણા અને લોકતંત્ર તેમજ સ્વતંત્રતાના ધ્વજવાહકોના દંભીપણાનો ઈલાજ શું? વ્યક્તિગત સ્વતંત્રતા ત્યાં સુધી સુનિશ્ચિત થઈ શકતી નથી જ્યાં સુધી માનવોની વચ્ચે જન્મનાં આધાર પર સમાનતા ન હોય. જ્યાં સુધી જન્મ અને રંગ તથા જાતિના આધાર પર ભેદભાવ બાકી રહેશે, વ્યક્તિગત સ્વતંત્રતા ફક્ત સૂત્ર જ રહેશે. 'મોટા' અને 'નાના' માટે અલગ અલગ દંડ કોડ અને ન્યાયના સ્તર હશે. વ્યક્તિગત સ્વતંત્રતા સિલેક્ટેડ હશે. માનવ ઈતિહાસમાં હઝરત મહંમદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના આ સુવર્ણ શબ્દો આજે પણ દુનિયા માટે માર્ગદર્શક છે, જે આપે કુરેશ કબીલાની એક સ્ત્રીની ચોરીમાં સંલિપ્ત હોવા પર હઝરત ઓસામા રદિ. (એક સહાબી)ની ભલામણમાં આ જવાબ આપ્યો હતો, "તમારા પહેલા જે કોમ અને સમૂહ ગુજર્યા, તે આ માટે વિનાશ પામ્યાં કે તે નીચા તબક્કાના લોકોને કાયદા પ્રમાણે સજા આપતાં હતાં અને ઊંચા તબક્કાનાં લોકોને મુક્ત કરી દેતાં, સોગંદ એ હસ્તીના જેના કબજામાં મારા પ્રાણ છે મુહમ્મદની દીકરી પણ આવું કરતી તો તેને પણ દરગુજર કરવામાં ન આવતી." આ જ કારણ છે કે વ્યક્તિની વ્યક્તિગત સ્વતંત્રતા માટે માનવો વચ્ચે તમામ દીવાલો તોડી પાડી. 'ગુલામી'ની સદીઓ જૂની મજબૂત સામાજિક વ્યવસ્થા ધ્વસ્ત કરી નાંખી, સ્વામી અને દાસ બંને એક સમાન ઉભા રહી ગયાં, ફક્ત મસ્જિદોમાં નમાઝ માટે નહિ બલ્કે જિંદગીના દરેક મેદાનમાં. ગુલામને આઝાદ કરીને તેને માનવ ગરિમા આપી અને આપણા બરાબર દરજ્જો આપી નેકી અને પ્રતિષ્ઠાની વાત માનવામાં આવી. આનું પરિણામ આ હતું કે સેંકડો ગુલામો ઈસ્લામી રાજનૈતિક વ્યવસ્થામાં મોટા હોદ્દા પર સ્થાપિત થયા. ઈસ્લામ વ્યક્તિની સ્વતંત્રતાના સંબંધમાં એટલું સંવેદનશીલ છે કે તે વ્યક્તિની પ્રતાડના અને અપમાન સહન નથી કરતો. પ્રસિદ્ધ લેખક મુહમ્મદ સલાહુદ્દીન લખે છે કે, "ઈસ્લામનો વિચાર આ સંબંધમાં આ છે કે સજાથી યથાસંભવ પરહેજ કરવામાં આવે. કારણ અને પ્રમાણ સજા માટે નહિ મુક્તિ માટે શોધવામાં આવે." (બુનિયાદી હુકુક, એમએમઆઈ પબ્લિશર્સ, દિલ્હી). ઈસ્લામ વ્યક્તિના વ્યક્તિગત આદર અને ગરિમાના મામલામાં મુસ્લિમ અને નોન મુસ્લિમનું જરા પણ અંતર કરતું નથી. પ્રસિદ્ધ ઈસ્લામી વિચારક ડૉ. અબ્દુલ કરીમ જૈદાન કહે છે, "આ સંબંધમાં ઈસ્લામિક જ્યુરિસ્ટે આ સિદ્ધાંત રજૂ કર્યો છે કે જે અધિકારો મુસ્લિમોના છે, તે જ અધિકારો નોન મુસ્લિમોના છે, મુસ્લિમ લોકોની જવાબદારીઓ અને તેમની જવાબદારીઓ બંને એક જેવી જ છે." (Individual and state).

**અંતમાં...**

પ્રત્યેક વ્યક્તિ પરમાત્માની અનુપમ કૃતિ છે, સ્વતંત્રતા વ્યક્તિનો નૈસર્ગિક અધિકાર છે અને આ પ્રકારના નૈસર્ગિક અધિકારને કોઈપણ સત્તા દ્વારા છીનવી શકાતું નથી. વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારને મૂળ અધિકારોમાં સર્વોચ્ચ માનવમાં આવે છે. કારણકે સ્વતંત્રતા જ જીવન છે અને સ્વતંત્રતા વગરનાં જીવનની તો કલ્પના જ થઈ શકતી નથી. તમે શું છો, એ જાણવા માટે તમારી આત્મા પર કોઈ પણ પ્રકારનું બંધન હોવું જોઈએ નહિ. વાસ્તવમાં, આધ્યાત્મિક સુખની પ્રાપ્તિ માટે પણ સ્વતંત્ર વિચારોની મોટી આવશ્યકતા રહે છે. આથી કોઈએ સાચું કહ્યું છે કે વ્યક્તિગત સ્વતંત્રતા મોક્ષની પ્રાપ્તિનો પહેલો પડાવ છે. ⏭

ચિંતન-મનન



**અનસ બદામ**

# વૈકલ્પિક જીવનશૈલી: સમયની માગ

**સોશ્યલ** મીડિયાના હકારાત્મક પાસા પૈકી જો કોઈ સૌથી ઉપયોગી કહી શકાય એવું કોઈ પાસું હોય તો તે છે, ત્યાંથી મળતું કંઈકને કંઈક નવું અને તાજું વાંચન છે. પાછલા દિવસોમાં ફેસબુક ઉપર એક સામયિકનો લેખ કોઈએ શેયર કર્યો હતો. લેખનું મથાળું હતું: ''મિનિમાલિઝમ: એક વિચાર.''

લેખમાં જીવનશૈલી અંગેની એક અનોખી ઝુંબેશ અને તેના પરથી બનેલી એક ડોક્યુમેન્ટ્રી ફિલ્મ વિશેની વાત હતી. અમેરિકાના બે યુવાનોની વાત, જેઓ પોતાના જીવનમાં બધી જ સુખ-સગવડો હોવા છતાં ખુશ ન હતા. એમને સતત એવું લાગતું કે કંઈક ખૂટે છે. એમને સમજાતું નહોતું કે જીવનમાં શું મહત્ત્વનું છે? આ બધી ભૌતિક વસ્તુઓ કે આંતરિક સમૃદ્ધિ? આ દરમિયાન તેઓ "Living with less" (ઓછામાં ઓછી અને જરૂરત પૂરતી જ વસ્તુઓ પર જીવન ગુજારવું) એવી સંકલ્પનાના પરિચયમાં આવ્યા અને એમનું જીવન બદલાયું. એમણે ઘરમાંથી લગભગ બધી જ બિનજરૂરી વસ્તુઓનો નિકાલ કર્યો, ઘરમાં રહ્યાં માત્ર જરૂર પૂરતાં કપડાં, ખૂબ ઓછું ફર્નિચર અને રસોડાનો જરૂરી સામાન. અને આમ કરવાથી એમણે કદાચ વર્ણવી ન શકાય પણ અનુભવી શકાય એવી નિરાંત અને માનસિક હળવાશ અનુભવી. અત્યારે બંને યુવાનો પોતાની જાતને મિનિમલિસ્ટ તરીકે ઓળખાવે છે. એમણે 'મિનિમાલિઝમ' નામની બુક લખી છે, અને 'મિનિમલિસ્ટ ડોટ કોમ' નામની વેબસાઇટ પણ ચલાવે છે.

લેખમાં આગળ લખ્યું છે કે;

''અમેરિકામાં થયેલા એક સર્વે પ્રમાણે લોકો એમના ઘરનો માત્ર ૪૦% હિસ્સાનો જ ઉપયોગ કરે છે, બાકીનો ૬૦% હિસ્સો લગભગ ક્યારેક જ વપરાય છે. આ સર્વે થયા પછી એવા લોકોનું પ્રમાણ વધ્યું જે નાના પણ સગવડવાળા ઘર ખરીદવા માંગતા હોય. આ ડોક્યુમેન્ટ્રીમાં એવા કેટલાય લોકોના ઈન્ટર્વ્યુ છે, જે ભૌતિકતાના અતિરેકથી હતાશાનો ભોગ બનેલા અને છેવટે મિનિમલિસ્ટ બન્યા. મિનિમાલિઝમને લઈને થયેલા કેટલાક પ્રયોગો પણ દર્શાવ્યા છે, જે જોવાની ખરેખર મજા આવશે. કેટલાક મિનિમલિસ્ટ ચેલેન્જ જુદા જુદા લોકો દ્વારા કરવામાં આવ્યા એ પણ ખૂબ રસપ્રદ છે, દા.ત. 'પ્રોજેક્ટ ૩૩૩'. આ ચેલેન્જ લેનાર વ્યક્તિએ ૩૩ વસ્તુઓ ૩ મહિના માટે વાપરવાની. એમાં વ્યક્તિ કપડાં, ચપ્પલ, પર્સ કે અન્ય વસ્તુઓ પોતાની રીતે પસંદ કરી શકે, પણ એ ૩૩ જ હોવી જોઈએ! આ ચેલેન્જ એક મહિલાએ લીધી, જે માર્કેટિંગ વિભાગમાં કામ કરતી હતી અને એના માથે પ્રોડક્ટના પ્રેઝન્ટેશનની જવાબદારી પણ હતી. એ ત્રણ મહિના સુધી ૪ કે ૫ જોડી કપડામાં ઑફિસ આવી અને એને એટલી બધી નવાઈ લાગી કે તેના આ ફેરફારની કોઈએ નોંધ પણ ના લીધી. આ ચેલેન્જ લીધા પહેલાં એ મહિલાનો સૌથી વધારે સમય કપડાં અને મેચિંગ ચપ્પલ પસંદ કરવામાં જતો હતો. અત્યારે આ મહિલા પોતાની જાતને મિનિમલિસ્ટ તરીકે ઓળખાવે છે. આ ઉપરાંત, એપલ કંપનીના પ્રણેતા સ્ટીવ જોબ્સને કોણ ના ઓળખે! એમના બધા જ ટી-શર્ટ બ્લેક કલરના હતા. તેઓ એવું માનતા કે એક જ કલરનાં બધાં કપડાં હોય તો પસંદ કરવામાં સમય ના બગડે. જીવનમાં કરવામાં આવતા કેટલાક નાના-નાના ફેરફારો ક્યારેક ખૂબ જ મહત્ત્વના સાબિત થતા હોય છે.

આ નવો પ્રવાહ અત્યારે દેશ-વિદેશમાં ખૂબ આવકાર્ય અને સ્વીકાર્ય બન્યો છે. ધીરેધીરે લોકો હવે સમજતા થયા છે કે ખરેખર જીવનમાં આંતરિક સંતોષ અને માનસિક શાંતિ કેટલાં જરૂરી છે!'' (કોડિયું, એપ્રિલ-૨૦૨૧)

લેખની વાત અહીં પૂરી થાય છે. અત્રે આ વિચાર કે જીવનશૈલીના વાજબી કે પ્રેક્ટિકલ અને નેચરલ હોવા વિશે કોઈ વાત કરવાનો મારો હેતુ નથી, આ જીવનશૈલીના પણ કેટલાક ફાયદા-ગેરફાયદા હોય શકે. પરંતુ જે મુખ્ય વાત છે તે એ છે કે લોકોની આંખો હવે ભૌતિક

જીવનની માત્ર ઉપરી ચમક-દમકથી ખુલવા લાગી છે, અનેક ઝુંબેશો અને અભિયાનો એક નવી, સરળ અને નેચરલ લાઈફ સ્ટાઈલના વિકલ્પની દાવેદાર બનીને ઊભરી આવી છે. તમે વિચારો કે શું મિનિમાલિઝમની આ ચળવળ એમ જ પેદા થઈ હશે? ના! તેના ઉદ્ભવની પાછળ પશ્ચિમની ભૌતિક અને મૂડીવાદી સંસ્કૃતિના મૂળિયાં ઊંડે સુધી રોપાયેલા છે. તે પશ્ચિમની ભૌતિકવાદી જીવનશૈલીનું એક તીવ્ર રિએકશન છે, જ્યાં ભૌતિકવાદી વિચારસરણી જીવનને માત્ર ભોગ-વિલાસનું એક ચક્ર માને છે. એ વિચારધારામાં સુખની વ્યાખ્યા છે પૈસા અને ભૌતિક સુખ-સમૃદ્ધિ. જ્યારે જીવનની ઇમારત જ આ પાયા ઉપર ચણાયેલી હોય તો સ્વાભાવિક છે કે, માનવીનું અંતિમ લક્ષ્ય ઉપભોગની ઈંટોથી જીવનના ભવ્ય મહેલનું નિર્માણ કરવાનું જ હોય!

હવે ઉપરોક્ત વાતને જરા પ્રેક્ટિકલી સમજવાનો પ્રયત્ન કરીએ.

ભૌતિકવાદી સંસ્કૃતિની પાયાની એક વિશેષતા 'ઉપભોગતા' છે, એટલે કે વધુને વધુ ભૌતિક ચીજ-વસ્તુઓનો ઉપયોગ કરવો, અને જીવનની સફળતાનો ખ્યાલ પણ આ જ પરિમાણો પર આધાર રાખે છે કે કોણ કેટલું કમાય છે? અને તેને કેટલું ભોગવે છે? તેમજ તેનો કેટલો લહાવો લે છે? પરિણામે અહીંથી એક ખતરનાક વિચાર જન્મ લે છે કે કઈ રીતે વધુને વધુ કમાવી શકાય? આ છે મૂડીવાદી વિચારધારાના નિર્માણનું પ્રથમ પગથિયું.

મૂડીવાદીઓ અને મોટી મોટી મલ્ટીનેશનલ કંપનીઓના માલિકો પોતાના ફેલાવ અને અસ્તિત્વને ટકાવી રાખવા માટે એ જરૂરી સમજે છે કે દુનિયાભરમાં લોકોની ખરીદારીની વૃતીને એક જાતના ઝનૂન અને ઘેલછામાં પરિવર્તિત કરી દેવામાં આવે. તેમની પાસેથી એ વિવેકશક્તિ છીનવી લેવામાં આવે કે ચીજ-વસ્તુઓની ખરીદી જરૂરત મુજબ અને તેની ગુણવત્તાને આધારે જ કરવી જોઈએ, આ માનસિકતાને બદલી તેમાં બને તેટલી અન્ય લાગણીઓ અને માનવ ઈચ્છાઓને સામેલ કરી ભૌતિકતાને તેમના જીવનની મંઝિલ બનાવી દેવામાં આવે. જેમકે ખરીદી માત્ર દેખાવા ખાતર કરવી, ક્યારે સ્ટેટસ ખાતર તો ક્યારેક માત્ર બ્રાન્ડને જોઈને કરવાના રિવાજને પ્રચલિત કરી દેવામાં આવે. આ માટે ભવ્ય શોપિંગ મોલ્સ, ગ્રાહકોને આકર્ષવા માટેના નિતનવા પેંતરા રચવા, વિજ્ઞાપનો અને જાહેરાતો દ્વારા પ્રોડક્ટની રજૂઆત તેમજ સમાજની રોલ મોડલ્સ ગણાતી વિવિધ હસ્તીઓ, ફિલ્મ કલાકારો અને બ્રાન્ડ એમ્બેસેડરોનો સહારો લઈ લોકોને જે તે પ્રોડક્ટની ખરીદી કરવા લુભાવવામાં આવે છે. જેના પરિણામે આજે જરૂરત સિવાયની કેટલીય બિનજરૂરી વસ્તુઓ આપણા કિચન, બાથરૂમ, ડ્રોઈંગ રૂમ, વોર્ડરોબ, ડ્રેસિંગ ટેબલ જેવી જગ્યાઓએ જોવા મળે છે, જેનો આજથી થોડાક વર્ષો પૂર્વે ક્યાંય અતોપતો નહોતો. એક સર્વે મુજબ ઈ.સ.૧૯૯૦થી ૨૦૦૦ સુધીના માત્ર દસ વર્ષના ગાળામાં કોસ્મેટિક ઈન્ડસ્ટ્રી લગભગ દસ ગણી વિકાસ પામી હતી.

સૌંદર્યપ્રસાધનોમાં વર્ષોથી સાદી અને અસરકારક ઘરેલુ ચીજ-વસ્તુઓનો રિવાજ હતો, પરંતુ હવે તેની જગ્યાએ મોંઘાદાટ લોશન, ક્રીમ, ફેસવોશ, બોડીવોશ વગેરે જેવી વસ્તુઓનો ઉપયોગ થાય છે, જેની આડઅસરો વિશે અવાર નવાર વિવિધ રિપોર્ટો અને સંશોધનો પ્રકાશિત થતાં રહે છે. એક-એક ઘરમાં દરેકની અલગ અલગ ગાડી, હાઈફાઇ અને ઊંચા મોડલના મોબાઈલ, ગેજેટ્સ, કિસમ કિસમના ગાલીચાઓ, સોફાસેટ, બાથરૂમમાં વિવિધ પ્રકારના સાબુઓ, શેમ્પૂ, લોશન અને ક્રીમ વગેરે જેવી વસ્તુઓ આ ઉપભોગતાવાદી સંસ્કૃતિ (Consumerist Culture)ની દેણ છે.

મલ્ટીનેશનલ કંપનીઓ અત્યંત વ્યૂહાત્મક અને આયોજનબદ્ધ રીતે કૃત્રિમ અને બનાવટી જરૂરતો ઊભી કરે છે. ટીવી, અખબારી જાહેરાતો, ડિજિટલ માર્કેટિંગ અને બ્રાન્ડ એમ્બેસેડરોની મદદથી કીમતી વસ્તુઓનું ગ્લેમર પેદા કરવામાં આવે છે અને આપણો મિડલ ક્લાસ સરળતાથી મળી રહેતી કુદરતી વસ્તુઓને અવગણી આવી પ્રોડક્ટ્સનો ગુલામ બનતો જાય છે. આનું સીધું પરિણામ એ આવ્યું કે કુદરતી વસ્તુઓની માગ ઘટવા લાગી, જેના પરિણામે ગ્રામ્ય સ્તરે અને સ્થાનિક સ્તરે લોકોની રોજીરોટી પર અસર થતાં બેરોજગારી વધી. મલ્ટીનેશનલ કંપનીઓની જાહેરાતો અને પ્રલોભનોમાં આવીને લોકો આવા જ મોલ્સ અને કંપનીઓમાંથી ખરીદી કરવા લાગ્યા અને પરિણામે દોલત ખૂબ ઝડપથી આખી દુનિયામાંથી સમેટાઇને કેટલાક ગણતરીના મૂડીવાદીઓના હાથોમાં કેન્દ્રિત થતી ગઈ. આજે વિશ્વની ૯૫ ટકા જેટલી સંપત્તિ આવા ૫ ટકા જેટલા મૂડીવાદી અબજપતિઓ ધરાવે છે, તેની પાછળ પણ આ જ ખેલ છે.

હાલમાં જ જ્યારે એમેઝોનના જેફ બેઝોસ અને વર્જિન કંપનીના માલિક રિચાર્ડ બ્રાન્સને અવકાશયાત્રાએ જવાની જાહેરાત કરી ત્યારે વિશ્વભરમાંથી લાખો લોકોએ આ મૂડીવાદીઓ વિરુદ્ધ એક ઓનલાઈન ઝુંબેશ શરૂ કરી છે અને આ ધનકુબેરોના

પંજામાંથી વિશ્વને છોડાવવાનું અભિયાન ચલાવ્યું છે. તેમની લડત જ એ વાતે હતી કે મૂડીવાદીઓ દ્વારા સમગ્ર દુનિયામાં પોતાની ઈજારાશાહી ઊભી કરવામાં આવી છે, અને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વૈવિધ્યને ખતમ કરી પોતાની મોનોપોલીને ટકાવી રાખે એવી જીવનશૈલીને પ્રચલિત કરી છે.

આમ, પશ્ચિમી દુનિયામાં પણ આ ધિકકારપાત્ર જીવનશૈલી વિરુદ્ધ અનેક શક્તિશાળી સૂર બુલંદ થઈ રહ્યા છે અને કેટલાય અભિયાનો વૈકલ્પિક જીવનશૈલી (છર્ક્ષીહિક્રૈદ્ગી ૈકી જીંઅર્ક્ષી)નો પ્રચાર-પ્રસાર કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. એક મુસ્લિમ તરીકે આપણી પણ એ કોશિશ હોવી જોઈએ કે ઈસ્લામ દ્વારા સૂચિત આસાન, કુદરતી અને સાદગીપૂર્ણ જીવનશૈલીને એક વિકલ્પ તરીકે રજૂ કરવામાં આવે અને ઉપભોગતાવાદી અને ભૌતિકવાદી સંસ્કૃતિ અને લાઈફ સ્ટાઈલના મુકાબલામાં સાદગી પર આધારિત, પ્રકૃતિ સાથે સુસંગત, માનવ મિત્રતાની હિમાયતી, સિદ્ધાંતવાદી અને સખાવત અને ઉદારતા જેવા મૂલ્યો પર આધારિત ઈસ્લામી લાઈફ સ્ટાઈલને પરિચિત કરાવીએ. ઈસ્લામે સૂચવેલ લાઈફ સ્ટાઈલ વિશે આવતા અંકમાં ઈન્શાઅલ્લાહ વાત કરીશું. ⏭


**Eye Guard Opticals**

Irfan Saiyad Mo.: 98252 84358





We make spectacles as per Dr. Prescription. Fitting of spectacles will be done on Japan Automatic Machine

S-B-3, Sunrise Point, Hanuman Gali, Opp. Kumar Sala No. 1, Raopura, Vadodara


## કુર્આન બોધ

(૫માં પાનાનું ચાલુ)

કોઈને રોકે ટોકે નહીં. તો અત્રે શાંતિ અને પ્રગતિ ધપી શકે છે. નહીં તો, વિનાશકતા પ્રસરી જશે.બંધારણે જે બધા ધર્મોમાં માનનારાને તેના ધર્મ પ્રમાણે જીવવાનો અધિકાર આપ્યો છે તેનું ઉલંઘન ન કરવામાં જ ડાહપણ છે.

વળી કુર્આનમાં મુસ્લિમોને સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યું છે કે,

દીન (ધર્મ)માં બળજબરી નથી એટલે કે પ્રચાર-પ્રસાર કરવો પણ કોઈને બળજબરીથી દીન-ધર્મ અંગીકાર કરવા જબરદસ્તી ન કરી શકાય.

અત્રે આપણા બંધારણમાં પણ બધાને પોત પોતાના ધર્મનો પ્રચાર-પ્રસાર કરવાનો હક્ક આપ્યો છે. હવે દરેકને એ છૂટ અપાઈ છે કે પોતાની મરજીથી પસંદ પડતો ધર્મ અંગીકાર કરી તે મુજબ જીવી શકે છે.

આમ બંધારણમાં અને કુર્આનમાં પણ બળજબરીથી ધર્મોતરણની મનાઈ છે.

કુર્આનમાં આ પણ ઉલ્લેખ છે કે, "તમારા માટે તમારો દીન (ધર્મ) છે અને મારા માટે મારો દીન (ધર્મ). (સૂરઃઅલ-કાફિરૂન આયત-૬) ⏭

## સંસ્થા પરિચય

(૩૩માં પાનાનું ચાલુ)

પર આપવામાં આવે છે. ખાતામાં જમા કરવાની રકમ હોય કે પછી લોનની રકમ સોસાયટીના ટર્ન ઓવરના હિસાબથી તેમની રકમની સીમા બદલાતી રહે છે, જે બ્રાન્ચ મેનેજમેન્ટ કમિટી ફાઈનલ કરે છે.

સોસાયટીનો આ એક નાનકડો પરિચય છે વધુ જાણકારી માટે તમે બ્રાંચની વિઝીટ પણ કરી શકો છો અથવા બ્રાન્ચના ફોન નંબર પર કોલ કરીને વધુ માહિતી મેળવી શકો છો.

આપના સમક્ષ સોસાયટીનો પાછલા માસનો પરફોર્મન્સ રિપોર્ટ મૂકી રહ્યો છું જેનાથી તમે સોસાયટીના ગ્રોથને સારી રીતે સમજી શકશો. અત્યાર સુધી કુલ મેમ્બરની સંખ્યા ૫૬૭ છે. કુલ paid up share capital રૂ.૧૮,૫૬,૪૦૦ છે.

સોસાયટીએ અત્યાર સુધીમાં કુલ ૫૯ લોકોને વ્યાજરહિત લોન આપી છે, જેમાં simple loan અને ગોલ્ડ લોન બંને સામેલ છે. જેની કુલ રકમ રૂ.૧૨,૫૩,૭૫૬ છે. સોસાયટીએ શરિયા કંપ્લાઈન્ટ વ્યવસાયમાં કુલ રૂ.૨૪,૨૧,૭૩૮ બિઝનેસ લોન માટે આપેલ છે.

આના સિવાય ઘણી બધી પ્રોડક્ટ જેવી કે ટુ વ્હીલર લોન, થ્રી વ્હીલર લોન અને બીજી ઘણી સ્કીમો પણ સોસાયટી તરફથી લોન્ચ કરવામાં આવશે. આશા છે કે તમને અલ બરકા ક્રેડિટ એન્ડ કન્ઝ્યુમર કો-ઓપરેટીવ સોસાયટીનો પરિચય પસંદ આવશે અને તમે વધુ જાણકારી માટે સોસાયટીની બ્રાન્ચ પર વિઝિટ કરી શકો છો અને આપેલ નંબર ઉપર કોન્ટેક્ટ પણ કરી શકો છો.


**બી-૧૨૫, સુમેલ ૮, અજીતમીલ ચાર રસ્તા પાસે, રખિયાલ,**

**અહમદાબાદ - ૩૮૦૦૨૩ I મો. ૭૯૮૪૮૩૮૨૫૮**

**albarkah.finance@gmail.com**

**www.albarkah.in**


⏭



# હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ) અને દીનની દાવત

**લાઈટ હાઉસ**



**ડૉ. મુહમ્મદસલીમ પટ્ટીવાલા**

**ઝિલહજજાનો** મહીનો હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ)અને તેમના વ્હાલસોયા પુત્ર હજરત ઈસ્માઈલ (અલૈહિસ્સલામ)ની બેનમૂન કુરબાનીની યાદગારનો મહીનો છે.

હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ)ની જીવનગાથા દાવતે તૌહીદ (એક ઈશ્વર તરફ આમંત્રણ)નો સંપૂર્ણ અભ્યાસક્રમ છે. તેમનું આખું જીવન દા'વતી સંઘર્ષની કથા છે. વ્યક્તિગત અને સામૂહિક બંને સ્તરે તેઓએ દા'વતનું આ મહાન કાર્ય કર્યું. અને તે સારૂ જાત-જાતની મુશ્કેલીઓ વ્હોરી, તકલીફોનો સામનો કર્યો, ત્યાં સુધી કે પોતાના પત્ની અને બાળકોના પ્રાણ સુદ્ધાંની પરવા ન કરી અને દીનની દા'વત ખાતર તે સૌને પણ હોમી દેવાની તૈયારી બતાવી. દીનના દાઈઓ (આવાહકો) માટે હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ)નું જીવન એક આદર્શ નમૂનો છે.

કુર્આનમાં બે પયગંબરોના જીવન ચરિત્રને મુસ્લિમો માટે ઉમદા નમૂનો કહેવામાં આવ્યા છે. એક તો અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ) જે સંસારના દરેક જનસમુહ અને કયામત સુધી દરેક યુગ માટે મોકલવામાં આવ્યા હતાં. અને બીજા હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ)ના જીવન ચરિત્રને. આનું કારણ એ હોઇ શકે કે તેઓ પણ માત્ર પોતાની કોમ માટે જ મોકલવામાં નહોતા આવ્યા પણ તે સમયની બધી કોમો અને માનવ સમૂહોના પ્રશિક્ષણ કાજે મોકલવામાં આવ્યા હતા અને તેમનો પ્રભાવ વિશ્વના મોટા ભાગના જનસમૂહો ઉપર પડ્યો હતો. સાથે જ હઝરત ઈબ્રાહીમ(અલૈહિસ્સલામ)નું જીવન અને તેમનો સંઘર્ષ જીવનના વિવિધ પાસાઓને આવરી લેછે. કુર્આને તેમના જીવનના વિવિધ સંઘર્ષોનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. જેમકે એક બહુદેવવાદી અને મુખ્ય પુરોહિત એવા પિતાનો એકેશ્વરવાદી પુત્ર, પિતા સામે પૂરા સન્માન અને આદર પણ પૂરી મક્કમતા સાથે વિવાદ કરનાર પુત્ર, શિર્કમાં ગળાડૂબ કોમની સામે જુસ્સાભર ઉભેલ નવયુવાન, અસત્ય વિરુદ્ધ નિરુત્તર કરી દેનાર તથા વ્યવહારુ તર્કો મૂકનાર બૌદ્ધિક, પોતાના સિદ્ધાંતો માટે અગ્નિજવાળા ઓઢનાર યોદ્ધા, તાનાશાહ રાજવીના દરબારમાં છાતી કાઢી સત્ય વચન કહેનાર મુજાહિદ, દીનની વાત પહોંચાડવા સારુ દર દર ભટકતો મુહાજિર, એક પ્રેમાળ છતાંય અલ્લાહની આજ્ઞાને શિરોધાર કરી વ્હાલસોયા પુત્રનું બલિદાન આપનાર પિતા, એક one man army ની જેમ પોતાની જાતમાં એક કોમ-સમુદાય અને સૌથી મોટી વાત તો એ કે એક વિશુદ્ધ એકેશ્વરવાદી, જેના માટે અલ્લાહ પણ કુર્આનમાં ૫ વાર સાક્ષી આપે છે કે ''વમા કાના મિનલ્મુશરિકીન'' અર્થાત ''ઈબ્રાહીમ મુશ્રિકો પૈકીનો ન હતો''

હઝરત ઈબ્રાહીમે (અલૈહિસ્સલામ) સમાજના વિવિધ વર્ગોમાં જે રીતે સત્યનું આહ્વાન કર્યું, કુર્આને વિસ્તારપૂર્વક તેનો ચિતાર આપ્યો છે. એ દાવતના શબ્દો, તેની શૈલી જોઈએ તો ખ્યાલ આવે છે કે કેટલી સિફતથી હઝરત ઈબ્રાહીમે

(અલૈહિસ્સલામ)પોતાની વાત જુદી જુદી રીતે આ બધા વર્ગોમાં મૂકી હતી.

**હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ)નું સંબોધન પોતાના પિતાને:**

હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ) કેટલા પ્રેમ અને આદરભાવથી પોતાના પિતાને દા'વત આપે છે અને તેમણે સમજાવવાના પ્રયત્નો કરે છે. તેમના શબ્દોમાં તેમનો પ્રેમ અને નિખાલસતા સ્પષ્ટપણે જોઈ શકાય છે.

"ઈબ્રાહીમનો કિસ્સો યાદ કરો જ્યારે તેણે પોતાના પિતા આઝરને કહ્યું હતું, ''શું તું મૂર્તિઓને ખુદા બનાવે છે? હું તો તને અને તારી કોમને સ્પષ્ટ પથભ્રષ્ટતામાં જોઉં છું.''(૬:૭૪)

"(આમને જરા તે પ્રસંગની યાદ અપાવો) જ્યારે તેણે પોતાના પિતાને કહ્યું કે, ''પિતાજી ! તમે શા માટે તે વસ્તુઓની પૂજા કરો છો જે ન સાંભળે છે, ન જુએ છે અને ન તમારું કોઈ કામ પાર પાડી શકે છે ?"

"પિતાજી ! મારા પાસે એક એવું જ્ઞાન આવ્યું છે જે તમારા પાસે નથી આવ્યું, તમે મારા પાછળ ચાલો, હું આપને સીધો માર્ગ બતાવીશ."

"પિતાજી ! તમે શેતાનની ઉપાસના ન કરો. શેતાન તો રહમાન (કૃપાળુ અલ્લાહ)નો અવજ્ઞાકારી છે.

પિતાજી ! મને ડર છે કે ક્યાંક તમે રહમાનની યાતનામાં સપડાઈ ન જાઓ અને શેતાનના સાથી બનીને રહો.'' (૧૯:૪૨-૪૫)

અને આવા પ્રેમાળ શબ્દો અને તાર્કિક સંબોધન પછી પણ પિતાશ્રી ગુસ્સે થઈ ધમકી આપે છે.

"પિતાએ કહ્યું, ''ઇબ્રાહીમ ! શું તું મારા ઉપાસ્યોથી વિમુખ થઈ ગયો છે? જો તું આમ કરવાનું નહીં છોડે તો હું તને પથ્થરોથી મારી નાખીશ. બસ તું હંમેશ માટે મારાથી અલગ થઈ જા." (૧૯:૪૬)

પોતાના પિતાજી તરફથી આવી ખુલ્લી ધમકી અને ઘૃણાની લાગણી છતાય હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ) શાંત ચિત્તે જવાબ આપે છે અને સાથે જ અલ્લાહ પાસે તેમના માટે દુઆ કરવાનો પણ વાયદો આપે છે.

''ઈબ્રાહીમે કહ્યું, ''સલામ તમને, હું મારા રબ (પ્રભુ)ને દુઆ કરીશ કે તમને માફ કરી દે, મારો રબ મારા ઉપર ઘણો જ મહેરબાન છે" (૧૯:૪૭)

પણ વિચારવા જેવી વાત તો એ કે તે પોતાના ઘર અને કુટુંબને છોડવા તૈયારી બતાવે છે પણ પોતાના સત્ય વિચારો અને સિદ્ધાંતો છોડવા તૈયાર થતાં નથી, જે તેમની દા'વતી ચરિત્રનું એક વિશિષ્ટ પાસું છે. તે કહે છેઃ

"હું આપ લોકોને પણ છોડું છું અને તે હસ્તીઓને પણ, જેમને તમે લોકો અલ્લાહને છોડીને પોકારો છો. હું તો પોતાના રબને જ પોકારીશ, આશા છે કે હું પોતાના રબને પોકારીને નિષ્ફળ નહીં રહું.''( ૧૯:૪૮)

**હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ)નો સંવાદ તેમના સમાજના લોકો સાથે:**

હઝરત ઈબ્રાહીમ(અલૈહિસ્સલામ) જે રીતે પોતાની કોમને સંબોધે છે તે પણ ઘણું સુંદર છે. તે તેમને પ્રેમથી સંબોધે છે અને હૃદયમાં સોંસરવી ઉતરી જાય તેવી દલીલો રજૂ કરે છે. કોમ તેને સમજે તો છે પણ ખોટી જીદ અને હઠધર્મીના ચાલતાં તેને સ્વીકારતી નથી. કુઆન આ વાતચીત આપણી સન્મુખ મૂકે છેઃ

"તેની કોમ તેના સાથે ઝઘડો કરવા લાગી તો તેણે કોમને કહ્યું, ''શું તમે અલ્લાહની બાબતમાં મારા સાથે ઝઘડો કરો છો ? જો કે તેણે મને સન્માર્ગ બતાવી દીધો છે અને હું તમારા ઠેરવેલા ભાગીદારોથી નથી ડરતો. હા, જો મારો રબ ચાહે તો તે જરૂર થઈ શકે, મારા રબનું જ્ઞાન દરેક વસ્તુને આવરી લે છે. પછી શું તમે ભાનમાં નહીં આવો?" (૬:૮૦)

"અને છેવટે હું તમારા ઠેરવેલા ભાગીદારોથી શા માટે ડરું, જ્યારે કે તમે અલ્લાહ સાથે તે વસ્તુઓને ખુદાઈ (ઈશ્વરત્વ)માં ભાગીદાર બનાવતા નથી ડરતા, જેમના માટે તેણે તમારા પર કોઈ સનદ ઉતારી નથી ? આપણા બંને પક્ષોમાંથી કોણ વધુ નિર્ભયતા અને સંતોષનો હક્કદાર છે ? બતાવો, જો તમે કંઈ જાણતા હોવ.(૬:૮૧)

"યાદ કરો તે પ્રસંગ જ્યારે તેણે પોતાના પિતા અને પોતાની કોમને કહ્યું હતું, ''આ મૂર્તિઓ કેવી છે જેના તમે મોહિત થઈ રહ્યા છો ?'' તેમણે જવાબ આપ્યો, ''અમે અમારા બાપ-દાદાઓને તેમની પૂજા કરતા જોયા છે.''તેણે કહ્યું, ''તમે પણ પથભ્રષ્ટ છો અને તમારા બાપ-દાદાઓ પણ સ્પષ્ટપણે પથભ્રષ્ટ હતા."(૨૧:૫૨-૫૪)

**હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ) એવી બુદ્ધિગમ્ય દલીલો આપે છે જેનો કોઈ જવાબ કોમ પાસે હોતો નથી:**

"તેમણે પુછ્યું "શું એ તમારું સાંભળે છે જ્યારે તમે એને પોકારો છો? અથવા આ તમને કોઈ ફાયદો કે નુકસાન પહોંચાડે છે? ( ૨૬:૭૨-૭૩)

તેણે જવાબ આપ્યો, ''નહીં, બલ્કે વાસ્તવમાં તમારો રબ તે જ છે જે ધરતી અને આકાશોનો રબ અને તેમને પેદા કરવાવાળો છે. આના પર હું તમારા સમક્ષ સાક્ષી આપું છું."(૨૧:૫૪-૫૬)

"મારા તો આ સૌ દુશ્મનો છે, એક સૃષ્ટિના માલિક અને પાલનહાર સિવાય, જેણે મને પેદા કર્યો, પછી તે જ મારું માર્ગદર્શન કરે છે. જે મને ખવડાવે અને પીવડાવે છે અને જ્યારે બીમાર પડું છું તો તે જ મને સાજો કરે છે. જે મને મૃત્યુ આપશે અને ફરી બીજીવાર મને જિંદગી આપશે."(૨૬:૭૭-૮૦)

છેવટે જ્યારે કોમ તેમની સ્પષ્ટ દલીલો છતાંય વાત માનવા તૈયાર થતી નથી, તો સ્પષ્ટ શબ્દોમાં કોઈની પણ શેહ શરમ રાખ્યા વિના સાચી વાત કહી દે છેઃ

''ધિક્કાર છે તમારા પર અને તમારા આ ઉપાસ્યો પર જેમની તમે અલ્લાહને છોડીને પૂજા કરી રહ્યા છો. શું તમે સહેજ પણ બુદ્ધિ ધરાવતા નથી?''(૨૧ઃ૬૭)

અને જ્યારે કોમ પાસે તેમની આ દલીલોનો કોઈ જવાબ નથી હોતો તો આનું પરિણામ એ જ આવે છે કે કોમ કાયદો પોતાના હાથમાં લઈ તેમને કઠોર દંડ આપવા ઊભી થઈ જાય છેઃ

''તેમણે કહ્યું, ''બાળી મૂકો આને અને મદદ કરો પોતાના આ ઉપાસ્યોની જો તમારે કંઈ કરવું હોય.'' (૨૧ઃ૬૮)

**હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ) નમરૂદના દરબારમાંઃ**

હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ) નમરૂદ જેવા તાનાશાહના દરબારમાં પણ કોઈ પણ જાતના ડર વિના સત્ય વચન ઉચ્ચારતા ખચકાતાં નથી અને નિર્ભીક રીતે પોતાની વાત રજૂ કરે છે અને એવી દલીલો આપે છે જેનો કોઈ જવાબ એ તાનાશાહ પાસે હોતો નથી. નમરૂદ જે પોતાની જાતને ભગવાન તરીકે ઓળખાવતો હતો, તેના એ તર્કના ઉત્તરમાં કે મારી પ્રજાનું જીવન અને મૃત્યુ મારા હાથમાં છે, ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ) કહે છે કે શું આકાશ, સૂર્ય અને ચંદ્ર ઉપર પણ તારું આધિપત્ય છે? જો આવું હોય તો સૂર્યને પુર્વની જગ્યાએ પશ્ચિમમાંથી કાઢી દેખાડ.

''શું તમે તે વ્યક્તિની દશા ઉપર વિચાર કર્યો નથી, જેણે ઈબ્રાહીમ સાથે વિવાદ કર્યો હતો? વિવાદ તે વાત માટે કે ઈબ્રાહીમનો રબ કોણ છે, અને તે કારણે કે તે વ્યકિતને અલ્લાહે શાસન આપેલું હતું. જ્યારે ઈબ્રાહીમે કહ્યું, ''મારો રબ (માલિક અને પાલનહાર) તે છે, જેના અધિકારમાં જીવન અને મૃત્યુ છે.'' તો તેણે જવાબ આપ્યો, ''જીવન અને મૃત્યુ મારા અધિકારમાં છે.'' ઈબ્રાહીમે કહ્યું, ''સારું, અલ્લાહ સૂર્યને પૂર્વમાંથી કાઢે છે, તું જરા તેને પશ્ચિમમાંથી કાઢી લાવ.'' આ સાંભળી તે સત્યનો ઇન્કાર કરનાર ચકિત થઈ ગયો, પરંતુ અલ્લાહ જાલિમોને સીધો માર્ગ દેખાડતો નથી.''(૨ઃ૨૫૮)

જ્યારે હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ) કોમ સમક્ષ તેમના દેવતાઓની મૂર્તિઓનો ભંગ કરી સાબિતી આપે છે કે તમારા આ દેવતાઓ તેમનું પોતાનું રક્ષણ કરી શકતા નથી એ તમારી રક્ષા કેવી રીતે કરી શકે? પરિણામસ્વરૂપે કોમ તેમને અગ્નિ-કુંડમાં નાખી દેહાંત દંડ આપી દે છે. પરંતુ અલ્લાહ તે અગ્નિ કુંડને ઉપવનમાં ફેરવી તેમને બચાવી લે છે. છતાંય દુષ્ટો તેમને દેશનિકાલ આપે છે. હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ) જૈફ વયે આ સંકટને પણ તકમાં ફેરવી ઘેર ઘેર સત્યનો સંદેશ પહોંચાડવા લાગી જાય છે. અને આ માટે પોતાના જયેષ્ઠ પુત્ર હઝરત ઈસ્માઈલ (અલૈહિસ્સલામ)ને અરબના મક્કા પ્રદેશમાં, પોતાના નાના પુત્ર હઝરત ઈસ્હાક (અલૈહિસ્સલામ)ને સિરિયા અને પેલેસ્ટાઈનમાં અને પોતાના ભત્રીજા હઝરત લૂત (અલૈહિસ્સલામ)ને જોર્ડનમાં આ દા'વત માટે વસાવે છે.

આ છે હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ)ની દા'વતી યાત્રા, તેની રીત, તેની શૈલી અને તેની વ્યાપકતા અને આ દા'વત માટે તેઓએ આપેલ કુરબાની !!! આ જ કારણે આલ્લાહે તેમને ઘણા નવાજ્યા અને તેમને ત્રણ પદવીઓ એનાયત કરીઃ

● ખલીલુલ્લાહ (અલ્લાહના મિત્ર), ● ઈમામુન્નાસ (મનુષ્યોના આગેવાન) અને ● અબુલ અંબિયા (પયગંબરોના પિતા). ⏭

## વાચકો જોગ સૂચના

**પ્રિય ગ્રાહકો**


★ **''યુવાસાથી'' માસિક દર મહિનાની ૩જી તારીખે પોસ્ટ કરવામાં આવે છે. જો તે મહિનાની ૧૦ તારીખ સુધી ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવા અમારા વ્હાલા વાચક મિત્રોને વિનંતી છે.**

★ **''યુવાસાથી'' માસિકનું લવાજમ પૂરૂં થઈ ગયું હોય તો તેમને નમ્ર વિનંતી છે કે તેઓ ઓફિસના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી લવાજમ મોકલી આપે.**

★ **પોસ્ટમેન નિયમિત ડિલિવરી કરતા ન હોવાથી વાચકોને કોપીઓ નિયમિત મળતી નથી. તેથી જે વાચક મિત્રો ''યુવાસાથી'' કુરિયરથી મંગાવવા ઈચ્છતા હોય તો તેમણે લવાજમની રકમ રૂ. ૨૫૦ ઉપરાંત રૂ. ૧૨૦ વધારે આપવા.**

**● મેનેજર, ''યુવાસાથી'' ગુજરાતી માસિક**

# ઇસ્લામ અને શિક્ષણ



**યુવા ચિંતન**



**આમિરખાન પઠાન**
**(સુરત)**

**રોટી**, કપડાં અને મકાન આ ત્રણ વસ્તુઓ દરેક માનવની મૂળભૂત જરૂરીયાતો અને અધિકાર છે. આ વાત તો? આપણે બધાં જાણીએ છીએ. પરંતુ એક ચોથી વસ્તુ છે, જે કદાચ આ ત્રણ જેટલું જ મહત્વ ધરાવે છે, એ છે ''શિક્ષણ''. શિક્ષણ એ આજના સ્પર્ધાત્મક યુગમાં ખૂબ જ મહત્વ ધરાવે છે. આ ઝડપી જમાનામાં પોતાનુ અસ્તિત્વ બચાવવા માટે અને જુદી-જુદી સ્પર્ધાઓમાં ટકવા માટે શિક્ષણ એ અનિવાર્ય છે. નહિતર, આપણે આ હોડમાં પાછળ રહી જઈશું, ખરું ને? તમે બધા મારી વાતથી સહમત હશો જ એવું હું માનું છું, બરાબર.

પરંતુ આજે મારે તમારી સાથે શિક્ષણનાં મહત્ત્વ વિષે વાત નથી કરવી. પણ એક એવી મિથ્યા વિષે વાત કરવી છે જે કદાચ તમે ઘણી વાર લોકોના મુખ દ્વારા સાંભળી હોય. 'મુસલમાનો શિક્ષણ પ્રત્યે જાગૃત નથી, કે ઇસ્લામમાં શિક્ષણને મહત્ત્વ અપાયું નથી'. તો ચાલો મારી સાથે, આજે સત્યને શોધવા જઈએ.

સૌપ્રથમ આપણે વાત કરીશું ઈસ્લામમાં શિક્ષણ વિષે શું કહેવાયું છે. ઈસ્લામ ધર્મના પવિત્ર પુસ્તક કુઆનમા શિક્ષણ વિષે શું લખ્યુ છે એ જોતા મજાની વાત માલુમ થાય છે કે જે ઈસ્લામ પર શિક્ષણ વિરોધી હોવાનો આરોપ લાગતો આવ્યો છે એ જ ઈસ્લામ ધર્મની પવિત્ર પુસ્તક કુર્આનની પહેલી વહી (અલ્લાહનો સંદેશ) એ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે લોકોને પ્રેરે છે. ''પઢો (હે પયગંબર !) પોતાના રબ (પ્રભુ)ના નામ સાથે જેણે સર્જન કર્યું.''(૯૬:૧) એમાંય પહેલો શબ્દ 'ઈકરા' જેનો અર્થ 'પઢો' એટલે કે ભણો અથવા વાંચો. આમ આપણે જોયું તેમ ઈસ્લામની શરૂઆત જ જો શિક્ષણની પ્રેરણાથી થઈ હોય તો તેમાં શિક્ષણ વિરોધી વાતો હોય શકે ખરી?

આ ઉપરાંત બીજી ઘણી આયતોમાં શિક્ષણનું મહત્વ આવ્યું છે, જે આપણે હવે જોવાનાં છીએ. ''તમારામાંથી જેઓ ઈમાનવાળા છે અને જેમને જ્ઞાન આપવામાં આવ્યું છે, અલ્લાહ તેમને ઉચ્ચ દરજ્જા પ્રદાન કરશે, અને તમે જે કંઈ કરો છો અલ્લાહને તેની ખબર છે.'' (૫૮:૧૧) આ આયતમા જ્ઞાન પ્રાપ્તિનું મહત્વ અલ્લાહને ત્યાં છે એ બતાવવામાં આવ્યુ છે. આવી જ રીતે કુર્આનની આયત (૨૦:૧૧૪) પ્રમાણે જ્ઞાન કે શિક્ષણ પ્રાપ્તિ માટે અલ્લાહ દ્વારા પોતાના પયગંબર

(સ.અ.વ.)ને દુઆ કરવાનું સુચવવામાં આવ્યું, "અને દુઆ કરો કે હે પાલનહાર ! મને વધુ જ્ઞાન પ્રદાન કર." આવી જ રીતે કુર્આનની આયત (૩૯:૯)માં તો શિક્ષિત અને અશિક્ષિત વચ્ચે ભેદ કરવામાં આવ્યો છે, "આમને પુછો શું, જ્ઞાની અને અજ્ઞાની ક્યારેય સમાન હોય શકે? બોધ તો સમજદાર લોકોજ ગ્રહણ કરે છે."

આપણે જાણીએ છીએ તેમ વિજ્ઞાનનાં ક્ષેત્રમાં કોઇ પણ સંશોધન માટે અવલોકન એ ખૂબ મહત્વ ધરાવે છે, અહીં રસપ્રદ વાત આ છે કે કુર્આનની ઘણી બધી આયતોમાં આપણી આસ-પાસની વસ્તુઓ જેમકે આકાશ, વાતાવરણ તેમજ અનેક વસ્તુઓનું અવલોકન કરવા સુચવ્યું છે, દા.ત. અનેક આયતોમા 'તમે જોતાં નથી', 'તમે ધ્યાન દોરતાં નથી', 'શું એ લોકો જોતાં નથી', વગેરે જેવા શબ્દોનો ઉલ્લેખ કરી પાલનહારે લોકોને આસ-પાસની વસ્તુઓનું અવલોકન કરી તેની નિશાનીઓ વિષે સમજવા પ્રેરીત કર્યા છે. આ ઉપરાંત એક આયતમાં કહેવામાં આવ્યું છે, "જો તમારી પાસે કોઇ વિષયનું જ્ઞાન ન હોય તો એ વિષયના જ્ઞાનીને પુછો." અહીં આ આયતમાં કેટલી ઊંડાણપુર્વક વાત સમજાવવામા આવી છે એ તમે જોઈ શકો છો.

આમ કુર્આનમાં શિક્ષણનું મહત્વ, શિક્ષિત લોકો અને શિક્ષણ પ્રાપ્ત કરવાં વિષે ઘણી બધી આયતો છે. વળી પૈગંબર મુહમ્મદ (સ.અ.વ.)ની ઘણી હદિસોમાં (પયગંબર હઝરત મોહમ્મદ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ એ કહેલી અને સૂચવેલી કુર્આન સિવાયની વાતો) પણ શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવ્યું છે, જેમાની એક અહીં તમને કહું છું, "જે વ્યક્તિ જ્ઞાનપ્રાપ્તિ ખાતર પ્રવાસ કે યાત્રા કરે છે, એણે જાણે કે જન્નત (સ્વર્ગ) માટે યાત્રા કરી."

આ ઉપરાંત આપણે જાણીએ છીએ તેમ ઈસ્લામના સુવર્ણ કાળ દરમિયાન ઘણાં મહાન વૈજ્ઞાનિકો અને વિચારકો થઈ ગયા, જેમણે આપેલી ભેટો આજે પણ જ્ઞાની લોકો માટે અમૂલ્ય છે. આવાં કેટલાક નામો છે જેમ કે જાબીર ઈબ્ને હય્યાન જેમને આજના લોકો ગેબરના નામથી જાણે છે, ઈબ્ને શિના જે અવેશિના તરીકે જાણીતાં છે. ત્યારબાદ ઈબ્ને ખુલ્દુન, મુસા અલ ખ્વારિઝ્મી અને એમનાં જેવા અનેક વૈજ્ઞાનિકો થઈ ગયાં જેમને તમે નેટ ઉપર પણ ચેક કરી શકો છો. વળી એમાંય જાફર બિન્તે હય્યાન તો ઈસ્લામના મોટાં ગુરૂ મનાતાં એવા ઈમામ જાફર સાદિક (રદિ.)ના વિદ્યાર્થી રહી ચૂક્યાં હતાં. આનાથી એ વાત પણ સ્પષ્ટ થાય છે કે ઈસ્લામના સાચાં ગુરુઓ પણ શિક્ષણને ખૂબ મહત્ત્વ આપતાં હતા.

અહીં, આ બધું જાણ્યા બાદ તમને સમજાય ગયું હશે કે ઈસ્લામને શિક્ષણ પ્રત્યે કોઇ વેર નથી. હાં, અમુક વર્ષો પહેલા અજ્ઞાનતાના લીધે અને ઈસ્લામનું અપુરતુ જ્ઞાન હોવાનાં કારણે કેટલાક, પોંગા પંડિતોએ આ વાત ફેલાવવાની શરૂ કરી દીધી હતી કે ઈસ્લામમાં શિક્ષણને કોઇ ખાસ સ્થાન નથી. પરંતુ આજના જાગૃત જમાનામાં ઘણાં લોકોએ જાતે કુઆનનો અભ્યાસ કરી અને લોકોને એ માટે પ્રેરીત કરી બતાવ્યું કે ઈસ્લામનો શિક્ષણ સાથે એવો સંબંધ છે જેવો માતાનો તેના બાળક સાથે હોય છે. આજે મુસ્લિમ યુવાઓ પણ આ વિષે ખૂબ જાગૃત બન્યાં છે, જે આપણે જોઈ રહ્યાં છીએ. વિજ્ઞાન હોય કે ઇજનેરીની લાઈન હોય, કે પછી upsc, gpsc જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ હોય, મુસ્લિમ યુવાઓ દર વર્ષે આ બધી જગ્યાઓ ઉપર પોતાની દાવેદારી નોંધાવી રહ્યાં છે, જે મુસ્લિમ સમાજની સ્થિતિ સુધારવા અને અંતે દેશ માટે કંઈ કરી બતાવવા માટે ખૂબ જરૂરી છે.

આ બધું જાણ્યાં બાદ કદાચ હવે તમારા મનને સંતોષ થઈ ગયો હશે કે ઈસ્લામમાં શિક્ષણ વિષે તમે જે સાંભળ્યું છે એ મિથ્યા જ છે, હકિકત કંઈક જુદી અને મન લોભાવી લેય તેવી છે, ખરું ને? કોઇ શંકા હોય તો જરૂર કહેજો. બસ આટલું કહીને હું તમારાથી રજા માંગુ છું. મારાથી જાણતાં અજાણતાંમાં કંઈ ભૂલ થઈ હોય તો માફ કરજો. અલ્લાહ આપણાં દિલોમાંથી જ બધું માફ કરાવી દે અને આ દેશમાં બધાએ સાથે રહી આ દેશને આગળ વધારવાના પ્રયાસો કરે તથા બધા સત્ય માર્ગ પસંદ કરે એવી મારી અલ્લાહથી દુઆ છે. આમીન. જિંદગી રહેશે તો ઈન્શાઅલ્લાહ આગળ મળીશું.

⏭




હરસ
મસા
ભગંદર
આધુનિક પદ્ધતિથી નિદાન-ઓપરેશન
રેડીયો-સર્જરી, વીડીયોરેક્ટોસ્કોપ
ડે-કેર દાખલ થવાની જરૂર નથી
ડો. એમ.સાદીક કાઝી (M.B.B.S., M.S.)
પેશન્ટ હાઉસ, ખમાસા, અમદાવાદ
8264004142, 65459513
પેશન્ટ હાઉસ નરોત્તમ ઝવેરી હોલ સામે, પાલડી, અમદાવાદ
82640 04142, 90330 59513

વ્યક્તિત્વ વિકાસ




મુહમ્મદસઈદ શેખ

# કઈ બાબતો તમને શિસ્તબદ્ધ થવાથી રોકે છે?

**જો** તમે બી.આર. ચોપરાની 'મહાભારત' ટીવી સીરીયલ જોઈ હોય તો ડો.રાહી માસૂમ રઝા લિખિત સંવાદોમાંથી કેટલાક તો જરૂર યાદ હશે.એમાં એક યાદગાર સંવાદ હતો " જો સ્વયં કો નહિ જીત પાયા વહ વિશ્વ કો ક્યાં જીત પાયેગા?" આના જેવી જ વાત પ્લેટોએ પણ કહી છે "પ્રથમ અને શ્રેષ્ઠ વિજય પોતાની જાત પરનો વિજય છે."(The first and best victory is to conquer self.) અહી પોતાની જાત પર વિજય મેળવવાનો અર્થ છે.

જીવનમાં સફળતા મેળવનાર લોકોની ટેવો વિષે કે એમના જીવન વિષે અભ્યાસ કરશો તો જણાશે કે તેઓ ગજબની ઈચ્છા શક્તિ અને સ્વયં – શિસ્ત પાળનારા લોકો હતા અથવા છે.સ્વયં શિસ્તને બીજા શબ્દોમાં 'સેલ્ફ માસ્ટરી' કહી શકાય. સફળતા ત્યારે જ મળે જયારે તમે તમારી લાગણીઓ,ઇચ્છાઓ અને વિચારો તથા લગાવ પર કાબૂ મેળવી શકો.

સ્વયં શિસ્તને બીજા શબ્દોમાં સેલ્ફ કંટ્રોલ કે સ્વ-નિયંત્રણ પણ કહી શકાય. તમારી જાત પર અને તમારા વર્તન પર, તમારી જીભ અને તમારા કાર્યો પર જો તમે કાબુ મેળવી શકો તો તમે લાંબા ગાળાના લક્ષ્યોને પ્રાપ્ત કરી શકો. હાવર્ડ યુનીવર્સીટીના સમાજશાસ્ત્રી ડો.એડવર્ડ બેન્ફીલ્ડે અમેરિકામાં એક સોસીઓઇકોનોમિક સર્વે કર્યો હતો.એનું તારણ કાઢતા એમણે જણાવ્યું હતું કે જે લોકોએ જીવનમાં સફળતા મેળવી હતી તેઓ લાંબા ગાળા વિષે વિચારીને કાર્યો કરતા હતા.તમે ટૂંકા ગાળામાં અમૂક લાભ મેળવી શકો પરંતુ જો કાયમી લાભ મેળવવો હોય તો લાંબા ગાળા વિષે વિચાર કરીને જ કાર્યો કરવા જોઈએ.લાંબા ગાળાનું વિચારીને આગળ વધવા માટે તમારામાં સ્વયં શિસ્ત હોવી ખૂબ જરૂરી છે.લાંબા ગાળાના વિચારો માટે તમારે ઘણા બલિદાનો આપવાની તૈયારી રાખવી જોઈએ. એમાં શિસ્ત ઉપરાંત ધીરજ પણ જોઈએ. આ બધી બાબતો એકબીજા સાથે સંકળાયેલી છે.કેમ કે આપણું વ્યક્તિત્વ એક કોમ્પ્લેક્સ એલીમેન્ટ્સ કે ઘણા બધા તત્વોનું મિશ્રણ છે. જે લોકો ધીરજ રાખી શિસ્તપૂર્વક આગળ વધતા રહે છે તેઓ સફળતા મેળવે છે.



લોન્ગફેલોની આ કાવ્ય પંક્તિઓ યાદ રાખો :

"Those heights by great men,won and kept,
Were not achieved by

sudden flight.

But they,while their companions slept,

Were toiling upward in the night."

એનો ભાવાર્થ આ છે કે જે મહા પુરુષોએ જીવનમાં ઉંચાઈ (સફળતા) મેળવી હતી , એ એમણે માત્ર એક છલાંગ લગાવીને મેળવી ન હતી.પરંતુ જયારે એમના સાથીદારો રાત્રે ઊંઘતા ત્યારે તેઓ સખત પરિશ્રમ કરીને આગળ વધતા રહેતા હતા.

શિસ્ત અને (વિલ પાવર) ઈચ્છા શક્તિને કેટલાક લોકો એક જ બાબત તરીકે ગણે છે પરંતુ એવું નથી.કોઈ પણ મોટું કાર્ય નો પ્રારંભ કરવો હોય તો એ માટે ઈચ્છા શક્તિ ની જરૂર પડે છે, પરંતુ એ કાર્યને સારી રીતે પૂર્ણ કરવા માટે તમારામાં શિસ્ત હોવી જરૂરી છે.જો શિસ્તતાપૂર્વક તમે લાગેલા નહિ રહો તો એ કાર્ય રખડી પડશે, તમે એ કાર્યને નિશ્ચિત સમયમાં ક્યારેય પૂરું નહિ કરી શકો.

નેપોલિયન હિલે એમના બેસ્ટ સેલીંગ પુસ્તકમાં લખ્યુ છે કે "Self-discipline is the master key to riches." સ્વયં શિસ્ત સમૃદ્ધિની માસ્ટર ચાવી છે.જે કોઈ પણ તાળાને ખોલી શકે છે.શિસ્ત તમારા આત્મ-ગૌરવ, આત્મ-સન્માન અને નીજી ગર્વની પણ ચાવી છે.આ શિસ્તમાંથી જ સારી ટેવો પડે છે.

શિસ્તનો અભાવ હોવાનો અર્થ એ છે કે તમારી જાત પર તમારો જ કાબૂ નથી.કોઈ મહત્વના કાર્યમાં તમે સરળતાથી ભટકી શકો છો. શિસ્તનો અભાવ તમને તમારા લક્ષ્યથી ભટકાવી નિષ્ફળતા તરફ લઇ જઈ શકે છે.

જો તમે સ્વયં-શિસ્ત ધરાવતા હશો તો કોઈ પણ કાર્ય પહેલા તમે નકારાત્મક વિચારોથી દૂર હશો,તમારા કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરી શકશો અને નિર્ધારિત કાર્ય ઓછા સમયમાં કોઈ પણ જાતના ખલેલ વિના પૂરું કરી શકશો.

સ્વયં શિસ્ત તમને શાંત અને સુખી પણ બનાવે છે. ૨૦૧૩માં વિલ્હેમ હોફમેને એક અભ્યાસ કર્યો હતો એમાં જાણવા મળ્યું કે જે લોકો ઉચ્ચ સ્વયં શિસ્ત ધરાવતા હતા તેઓ ઓછી કે નહીવત શિસ્ત ધરાવનારા લોકો કરતા વધુ સુખી હતા. આ અભ્યાસ મુજબ સ્વયં શિસ્ત ધરાવનારા લોકો પોતાના લક્ષ્ય નિર્ધારણ માં આવતા વિઘ્નોને સરળતાથી પાર પાડી લેતા હતા, તુચ્છ બાબતોમાં અને વર્તનમાં ઓછો સમય બગાડતા હતા, અને હકારાત્મક નિર્ણયો લેવામાં સમર્થ હતા. આના પરિણામ સ્વરૂપ તેઓ આંતરિક શાંતિ અને સુખની અનુભૂતિ કરતા હતા. યાદ રાખજો કે સ્વયં શિસ્ત જ તમને તમારા લક્ષ્ય સુધી પહોંચાડે છે. જે લોકો શિસ્ત અપનાવે છે તેઓ જેઓ નથી અપનાવતા એમનાથી વધારે સફળ અને સુખી હોય છે.

સ્વયં-શિસ્ત તમારા સારા ચારિત્ર્યનું નિર્માણ કરે છે, તમારી આંતરિક શક્તિ અને દ્રઢતામાં વધારો થાય છે, આ ઉપરાંત તમે વિચારો,અધીરાઈ, ક્રોધ અને બીજી નકારાત્મક બાબતો પર કાબૂ મેળવી શકો છો. બીજા લોકોના વર્તન બાબતે તમે સમજી વિચારીને પ્રતિક્રિયા આપી શકો છો. પરિણામે તમે બીજા લોકો સાથે સારો સંબંધ કેળવી શકો છો.અને બીજા લોકોથી માન પણ મેળવી શકો છો.

આ બધી બાબતો તો ઠીક છે પરંતુ સૌથી મહત્વનો પ્રશ્ન એ છે કે શા માટે મોટા ભાગના લોકોમાં આ શિસ્ત જોવા મળતી નથી?

આની ચર્ચા કરતા પહેલા આપણે પોતાની જાતને કેટલાક પ્રશ્નો પૂછીએ. આપણે જાણીએ છીએ કે સોફામાં બેસીને ટીવી જોવા કરતા બહાર ચાલવાથી સારી કસરત થશે જે શરીર માટે સારું છે. એમ છતાય આપણે કસરત કરતા નથી કે બહાર ચાલવા જતા નથી.શા માટે?

આપણા ધંધા-વ્યવસાયમાં કેટલાક કામો એવા હોય છે જેમને ઝડપથી કરવા પડે છે.નહીતો મોટું નુકસાન થઇ શકે છે.એમ છતાય આપણે એ કામ પ્રત્યે દુર્લક્ષ સેવીએ છીએ અને કામ એમનું એમ જ પડ્યું રહે છે.શા માટે?

એવી કઈ બાબતો છે જે તમને સિગારેટ,દારૂ કે પાન મસાલાની ખોટી ટેવોને છોડવામાં બાધ્ય બને છે?

આ બધાનો જવાબ બહુ સાદો અને સરળ છે : તમારામાં સ્વયં શિસ્ત નથી જે તમારા લક્ષ્યોને અને ઈચ્છાઓને પૂરી કરવામાં મદદ કરે છે. ફરીથી પ્રશ્ન તો એ જ છે કે શા માટે તમારામાં શિસ્ત નથી?

એની ચર્ચા કરીએ તો સૌ પહેલી વાત એ જણાય છે કે સ્વયં શિસ્ત એ જન્મજાત કુશળતા કે લક્ષણ નથી. એને તમારે જાતે કેળવવી પડે છે. તમે જે કામ કરતા રહો એની ટેવ પડે છે.સ્વયં શિસ્ત અને સ્વ-નિયંત્રણની ટેવ પાડવી મુશ્કેલ છે પણ જો આ ટેવ પડી જાય તો આગળના કામ તમારા માટે સરળ થઇ જાય છે.એક સમય એવો આવે કે એ તમારા ચારિત્ર્યનો ભાગ બની જાય. એ પછી તમે જો અશિસ્તતા પૂર્વક વર્તવાનું વિચારો તો

તમારા માટે મુશ્કેલ થઇ જાય.કવિ ગટે એ કહ્યું હતું ''પ્રારંભમાં જે મુશ્કેલ હોય છે એ પછીથી સરળ હોય છે.''

બીજી બાબત એ છે કે આપણે બાળપણથી જ હકારાત્મક વિચાર સરણી લઈને જન્મતા નથી.મોટા ભાગના લોકો બાળપણમાં એવા સંજોગોના શિકાર બની જાય છે જેનાથી તેમના મન પર નકારાત્મક વિચાર સરણી કબજો કરી લે છે.લોકો ઘણી બધી નકારાત્મક લાગણીઓ ના શિકાર પણ થઇ જાય છે.જેનાથી હકારાત્મક વિચાર સરણી અને સ્વયં શિસ્ત કેળવવામાં મુશ્કેલી પડે છે.

આપણે જે જગ્યાએ રહીએ છે ત્યાં જો પ્રતિકૂળ વાતાવરણ હોય, નકારાત્મક વિચાર-સરણી ધરાવતા લોકો હોય, વાત વાતમાં ઝગડો કરતા પાડોશી હોય, આજુબાજુ શિક્ષણનો અભાવ હોય, તો આવા પ્રતિકૂળ સંજોગોમાં સ્વાભાવિક છે કે કોઈ તમને સહાય કરનાર કે મદદ રૂપ થનાર ન હોય, તો તમે નિરુત્સાહી થઇ જ જવાના.આવામાં તમારે પોતે જ હકારાત્મક વિચાર-સરણી કેળવવા અને સ્વયં શિસ્ત કેળવવા ઘણી મહેનત કરવી પડે.

ત્રીજી બાબત છે નિષ્ફળતાનો ભય. જો તમે કોઈ કાર્યના પ્રારંભમાં જ એના પરિણામથી અને ખાસ તો નિષ્ફળ જઈશ એવા વિચારથી જ ડરી જશો તો કોઈ પણ પગલું ઉઠાવવાની તમારી હિંમત નહિ થાય, તમે કોઈ કામ જુસ્સા સાથે નહિ કરી શકો, તમે હતોત્સાહી થઇ જશો. અને પરિણામે તમારા લક્ષ્ય સુધી પહોંચવા માટે તમે આગળ જ વધી શકશો નહિ.

ચોથી બાબત એ છે જો તમે સ્વભાવથી જ આળસુ હશો તો તમે કશું કરવાના જ નથી, તમે દરેક કામને ટાળતા જ રહેશો.જયાં ટાલમટોલ હોય ત્યાં સ્વયં શિસ્ત હોઈ શકે જ નહિ.તેથી સ્વયં શિસ્ત કેળવવા માટે તમારે આળસનો ત્યાગ કરવો જ પડે.

પાંચમી બાબત આ છે કે જો તમે તમારી જાતને નીચી કે હલકી ગણતા હોવ અને તમારામાં આત્મ વિશ્વાસનો અભાવ હોય તો તમારામાં શિસ્તનો પણ અભાવ હોવાનો જ, જે તમને સફળ થતા રોકે છે.આવી સ્થિતિમાં શિસ્ત કેળવવા તમારે ખૂબ મહેનત કરવી પડે.

છટ્ટી બાબત આ છે જો તમે લાલચુ હોવ કે અમુક બાબતો એવી હોય જેનાથી તમે લોભમાં પડી જાવ જે તમને તમારા મૂળ લક્ષ્યથી દૂર લઇ જતી હોય , તો એનો અર્થ એ છે કે તમારામાં શિસ્ત નો અભાવ છે.સંકલ્પ શક્તિ અને મનની શક્તિ મેળવવા તમારે તમારી ત્રુટીઓ અને પ્રલોભનો ને દૂર કરવા કમર કસવી પડે.

સાતમી બાબત આ છે કે તો તમને તમારું જીવન ધ્યેય જ ખબર ન હોય તો તમે કોઈ પણ કામ માં ઓતપ્રોત થઇ શકો નહિ, ન જ એ કામ તમે દિલથી કરશો ન જ એમાં તમારું કોઈ ઇન્વોલ્વમેન્ટ હશે.બસ કરવા ખાતર તમે કામ કરતા હશો ,પણ એમાં કોઈ ભલી વાર પડે નહિ.જો તમે તમારું લક્ષ્ય જ નથી જાણતા અથવા તમે તમારી શક્તિઓને હજી સુધી ઓળખી જ નથી શક્યા તો એનું એક કારણ એ પણ હોઈ શકે કે તમારામાં સ્વયં શિસ્ત જ નથી.તમે વારંવાર ઓફિસે મોડા પહોંચો છો ,કોઈ કાર્યક્રમમાં કે લગ્નમાં તમે મોડા પહોંચતા હોવ તો એનો અર્થ એ નથી કે તમે બહુ વ્યસ્ત છો પરંતુ એનો અર્થ એવો છે કે તમારો તમારી જાત પર કાબૂ નથી અને તમારામાં સ્વયં શિસ્ત જ નથી.

અને છેલ્લે આ વાત યાદ રાખજો કે જો તમે સમયસર ઓફિસે પહોંચી શકતા નથી તો જીવનની મંઝીલે સમયસર કેવી રીતે પહોંચી શકશો? ⏭


Reg.No. A-7183

Dr. Saba Baloch
B.D.S. (Dental Surgeon)


Dr. Saba Dental Clinic
Multi Speciality Family Dental Care

:: Our Specialties ::
Dental Implants Surgery | Cosmetic Dentistry | Tooth Reshaping & Contouring |Cosmetic Gum Surgery
Veneers | Single sitting root canal | Tooth Whitening Treatment | Dental Crown and Bridge |Prosthesis Tooth
Cleaning | Tooth Jewellery | Inlays and Onlays | Extractions | Tooth Coloured Restoration

:: Facilities ::
Equipped with latest equipment | Digital X Ray | Endosonic Apex Locator
| Wave one rotary system | Imported Dental Chair

Available on Emergency Trauma Cases 99 98 36 05 03

Al-Arsh I, Nr. Bank of India, Gulzar Park, Sarkhej Road, Ahmedabad – 55
Phone: +91 9998360503 Email: smile@drsabadentalclinic.com
Website: www.drsabadentalclinic.com



# અને ફઝાલાની કાયા પલટ થઈ ગઈ...

● રજૂ. મુહમ્મદ અમીન શેઠ

**ફઝાલા** બિન ઉમૈર અલ્લાહના રસૂલ સ.અ.વ.ના પ્રખર દુશ્મનોમાંથી એક હતો. જયારે આપ મક્કા વિજય પછી મક્કામાં રહ્યા તો ફઝાલાએ દેખાવ પૂરતો ઈસ્લામ તો સ્વીકારી લીધો પરંતુ મનમાં અલ્લાહના રસૂલથી સખત દ્વેષ અને ઈર્ષા ધરાવતો રહ્યો. તેણે પ્રોગ્રામ બનાવ્યો કે તેને જયારે પણ તક મળશે તે અલ્લાહના રસૂલ સ.અ.વ.ને કતલ તો કરીજ દેશે. અલ્લાહના રસૂલ સ.અ.વ.ની હત્યાનો મનસૂબો કંઈ સામાન્ય કામ ન હતું ! ફઝાલાને ખબર હતી કે અલ્લાહના રસૂલ સલ્લ. સાથે દસ હજારનું લશ્કર છે. જો તે પોતાના નાપાક કામમાં સફળ થઈ પણ ગયો તો પછી તેના બચવાનો કોઈ માર્ગ હતો જ નહીં. તેને તરત જ પકડી લઈને કતલ કરી દેવામાં આવશે. પરંતુ ઈર્ષા, નફરત અને દ્વેષ એવી ખરાબ લાનતો છે કે માણસને પાગલ બનાવી દે છે. તેની વિચારવાની અને સમજવાની શક્તિઓ લુપ્ત થઈ જાય છે. અને તે બુદ્ધિભ્રષ્ટ થઈને તદ્દન ખોટા કામ કરી બેસે છે.

ફઝાલાએ વિચાર્યુ કે તેના નાપાક ઈરાદા પૂર્ણ થઈ જાય તે પછી તેને કતલ કરી દેવામાં આવે તો પણ કોઈ વાંધો નથી પણ આ મનસૂબા પર અમલ તો જરૂર થવો જ જોઈએ. વિચારો ! તે કેટલી હદે આપની દુશ્મનીમાં આંધળો બની ગયો હતો. જેણે વિચારવાનું શરૂ કર્યુ તે કયા સમયે અને કયાં અલ્લાહના રસૂલ સલ્લ. પર હુમલો કરી શકે છે ? શૈતાની વિચારે તેના મગજમાં વાત નાંખી કે

જયારે અલ્લાહના રસૂલ સલ્લ. તવાફ કરી રહ્યા હોય ત્યારે આ કામ માટે શ્રેષ્ઠ તક મળી શકે છે. આપ તદ્દન એકલા હશે, આસપાસ અમૂક લોકો હોય પણ તો તે વધારે નહીં હોય, તેણે તલવારને પોતાના કપડામાં છૂપાવી દીધી. અને તે સમયની રાહ જોવા લાગ્યો જયારે અલ્લાહના રસૂલ સલ્લ. તવાફ (કાબાની પરિક્રમા) કરી રહ્યા હોય.

એક દિવસ ફઝાલાને આ તક મળી ગઈ. તેણે જોયું કે અલ્લાહના રસૂલ સલ્લ. તવાફ કરી રહ્યા છે. તેણે પણ તવાફ કરવાનું શરૂ કર્યુ. તે મોકાની શોધમાં હતો કે કયારે આપના ઉપર હુમલો કરે. તે તવાફ દરમ્યાન આપના સમીપ થતો જાય છે. આ તરફ અલ્લાહનો ફેંસલો છે કે તે દરેક આપત્તિમાં પોતાના રસૂલને બચાવશે. અલ્લાહે તરત જ વહી દ્વારા પોતાના રસૂલને ફઝાલાના નાપાક ઈરાદાની જાણ કરી આપ સલ્લ. ઈચ્છતા તો તરત જ ફઝાલાને પકડાવી શકતા હતા. કતલ માટેનું શસ્ત્ર તો તેના કપડાંમા સંતાડેલુ હતું જ. પરંતુ અહીં તો માત્ર દયા અને કૃપા જ હતી, રહમત જ રહમત હતી. પોતાની ઉમ્મત સાથે ભલાઈ, સદવર્તન અને માફી જ હતા !

ફઝાલા પાસેથી પસાર થઈ રહ્યો છે... અલ્લાહના રસૂલ સલ્લ.એ તેને સંબોધતા કહ્યું, ‘‘અરે શું તમે ફઝાલા છો ?’’

તેણે કહ્યું, ‘‘ હે અલ્લાહના રસૂલ સલ્લ. ! હા, હું ફઝાલા છું’

આપ સ.અ.વ.એ માત્ર એટલું જ કહ્યું, ‘‘ હું તો અલ્લાહનો ઝીક્ર કરી રહ્યો છું’’

અલ્લાહના રસૂલ સ.અ.વ. ફઝાલાની વાત સાંભળીને હંસી પડ્યા. કહ્યું પ્રેમથી... ફઝાલા અલ્લાહથી ઈસ્તગફાર કરો, અલ્લાહથી માફી માંગો.. અને તે સાથે પોતાનો મુબારક હાથ ફઝાલાની છાતી પર મૂકી દીધો... તરત જ ફઝાલાનું મન સંતોષ પામ્યું અને ષડયંત્રના વિચારથી તદ્દન પાક થઈ ગયું.

અલ્લાહ જ મહાન છે! આનાથી વધારે ભાગ્યશાળી કોણ હોઈ શકે જેની છાતી પર અલ્લાહના રસૂલ સ.અ.વ. પોતાનો સ્નેહાળ હાથ મૂકી દે? ફઝાલાની તો કાયાપલટ જ થઈ ગઈ. આપના કતલનો મનસૂબો બનાવનાર, આપથી અનહદ દ્વેષ ધરાવતો ફઝાલા કહે છે, જેવો અલ્લાહના રસૂલ સ.અ.વ.એ મારી છાતી પર હાથ મૂક્યો, મારા તો દિલની કૈફિયત જ ધરમૂળથી બદલાઈ ગઈ, મને તો યાદ દ ન રહ્યું કે હું અહીં શું કરવા આવ્યો હતો? આવો, તેના જ શબ્દોમાં આ કેફિયત સાંભળીએ.

‘‘અલ્લાહની કસમ! આપ સ.અ.વ.એ પોતાનો મુબારક હાથ મારી છાતી પરથી ઉઠાવ્યો જ હતો કે અલ્લાહ તઆલાની તમામ મખ્લૂક, તમામ સર્જનોમાં મારા માટે પછી અલ્લાહના રસૂલ સ.અ.વ.થી અધિક કોઈ પ્રિય ન રહ્યું..’’

ફઝાલા પવિત્ર કાબાથી રવાના થઈને પોતાના પરિવાર તરફ પાછો વળી રહ્યો છે. રસ્તામાં તેની અગાઉની પ્રેમિકા ઊભી હતી, તેણે રોકી લીધો, કહેવા લાગી,આવો થોડા સમય મારા સાથે વિતાવો.

પરંતુ હવે તે અગાઉનો ફઝાલા નહોતો રહ્યો.. તેનું મન પવિત્ર અને સ્વચ્છ થઈ ચૂક્યુ હતું. મનની કેફીયત બદલાઈ ગઈ હતી. તેણે થોડી પંક્તિઓ ગણગણવા લાગ્યો, જેનો ભાવાર્થ કંઈક આમ થતો હતો.

મારી પ્રેમિકાએ કહ્યું, આવો વાતો કરીએ... મેં કહ્યું, ના.. અલ્લાહ અને ઈસ્લામ મને આવા કામોથી રોકે છે. જો તુ મુહમ્મદ સ.અ.વ. અને આપની જમાઅતને મક્કા વિજયના પ્રસંગે જોઈ લેતી, જયારે મૂર્તિઓ તૂટી તૂટીને નીચે પડી રહી હતી તો, તુ જોઈ લેતી કે અલ્લાહનો દીન તદ્દન સ્પષ્ટ થઈ ગયો છે અને શિર્કના ચેહરા પર કાલિમા છવાઈ ગઈ છે.

પ્રિય વાચકો! આપે આ પ્રસંગમાં જોયું કે અલ્લાહના રસૂલ સ.અ.વ.એ પોતાના કતલ કરવાનો મનસૂબો કરનારને માફ કરીને તેને જહન્નમમાં જવાથી બચાવી લીધો. શું આ વિશ્વમાં આવો મહેરબાન, મમતાળુ અને ઉચ્ચ ચારિત્ર્યવાળુ કોઈ બીજુ પણ છે?? ⏭

સંસ્થા પરિચય



જાવેદ અખ્તર

# અલ બરકા ક્રેડિટ એન્ડ કંઝ્યુમર કો-ઓપરેટીવ સોસાયટી લી. : એક પરિચય



વ્હાલા મિત્રો, તમારા બધાની સમક્ષ આ વાત મુકતા ખુશી અનુભવી રહ્યો છું કે આ વ્યાજ વ્યવસ્થાની વિરુદ્ધ એક નાની પહેલ અહમદાબાદના રખિયાલ વિસ્તારમાં થઈ છે. ભારતની સિલેક્ટેડ અને અસરકારક સંગઠનોમાંથી એક સંગઠન જમાઅતે ઈસ્લામી હિંદ અહમદાબાદ પૂર્વની શાખાએ કેટલાક અસરકારક અને ઉમ્મત સાથે સહાનુભુતિ ધરાવનાર લોકો સાથે મળીને એક વ્યાજરહિત કો-ઓપરેટીવ સોસાયટી શરૂ કરવાની પહેલ કરી. જેની શરૂઆત વર્ષ ૨૦૨૧ની શરૂઆતમાં "અલ બરકા ક્રેડિટ એન્ડ કંઝ્યુમર કો-ઓપરેટીવ સોસાયટી લી." ના નામથી થઈ. જેનો હેતુ ગરીબ, દૈનિક મજૂરી કરતા વ્યાજની લૉનમાં ફંસાયેલા લોકોને વ્યાજરહિત લૉન આપીને તેમની મદદ કરવાનું છે. આ એક રજીસ્ટર્ડ સોસાયટી છે. સોસાયટીનું કાર્યક્ષેત્ર અહમદાબાદ શહેર સુધી સીમિત છે.

સોસાયટીમાં ત્રણ પ્રકારના એકાઉન્ટ ખોલવામાં આવે છે. જે નીચે પ્રમાણે છે.

૧. ડેઈલી સેવિંગ એકાઉન્ટ

૨. મંથલી સેવિંગ એકાઉન્ટ

૩. ગ્રોથ ફંડ એકાઉન્ટ

ડેઈલી સેવિંગ એકાઉન્ટમાં તમે દરરોજ અમુક રકમ જમા કરાવી શકો છો. સોસાયટીનો કલેક્શન એજન્ટ તમારા ઘરે, ઓફિસ કે દુકાન તથા લારી-ગલ્લા ઉપર આવીને રકમ કલેક્ટ કરી અને તેને મોબાઈલ ટેક્સ મેસેજના માધ્યમથી તમને ડિપોઝિટ થઈ ગયાનો મેસેજ મોકલી આપશે.

બીજો પ્રકાર મંથલી સેવિંગ એકાઉન્ટ છે. જેમાં દર મહિને ન્યુનતમ રૂ. ૧૦૦ અને મહત્તમ રૂ.૫૦,૦૦૦ સુધી રકમ જમા કરાવી શકાય છે.

ત્રીજો પ્રકાર ગ્રોથ ફંડ એકાઉન્ટ છે, જેમાં દર મહિને ન્યુનતમ રૂ.૧૦૦૦ રૂપિયા અને મહત્તમ રૂ. ૫૦,૦૦૦ સુધી જમા કરાવી શકાય છે.

ડેઈલી અને મંથલી બચત ખાતામાં જમા કરાવેલ રકમ સુરક્ષિત રહે છે. પોતાની સહુલત પ્રમાણે ઉપાડી શકે છે. ગ્રોથ ફંડ એકાઉન્ટ ઉપરના બંને ખાતાથી અલગ છે. આમાં જમા કરેલ રકમ શરીયા કંપ્લાઈન્ટ (Shariah Complaint) બિઝનેસમાં નફા નુકસાનની ભાગીદારી સાથે રોકાણ કરવામાં આવે છે અને વર્ષના અંતે કુલ નફા/નુકશાનનો કેટલોક હિસ્સો ગ્રોથ ફંડ એકાઉન્ટ હોલ્ડરના ખાતામાં તેમની જમા રકમનાં પ્રમાણમાં જમા કરવામાં આવે છે.

આવી જ રીતે બધા જ ખાતાધારકો માટે ત્રણ લોનની સુવિધા આપવામાં આવે છે.

૧. સિમ્પલ લોન

૨. ગોલ્ડ લોન

૩. બિઝનેસ લોન

સિમ્પલ અને ગોલ્ડ લોનની રકમ રૂ.૫૦,૦૦૦ સુધી સીમિત છે. સિમ્પલ લોનમાં અરજદારને બે જામીનદારના (સોસાયટીના મેમ્બર હોવા જોઈએ) નામ આપવા પડે છે અને ગોલ્ડ લોનમાં સોનું રાખીને કુલ સોનાની રકમના ૭૫ ટકા અથવા રૂ.૫૦૦૦૦ જે ઓછી રકમ હોય તે મેળવી શકે છે. આ બંને લોન પર કોઈપણ પ્રકારનું વ્યાજ વસૂલવામાં આવતું નથી. ફક્ત નોર્મલ સર્વિસ ચાર્જ લેવામાં આવે છે.

બિઝનેસ લોન વ્યવસાય કરવા માટે રૂ.૫,૦૦,૦૦૦ સુધીની લોન નફા નુકસાનના ભાગીદારીની શરત

*(અનુસંધાન ૨૨માં પાને)*

બાળજગત



સંપાદક મંડળ

# કોરોનાની મહામારી અને બાળકોની જવાબદારી

કોરોના વાયરસે સમગ્ર જગતને ભરડામાં લઈ લીધું છે. આ વિશ્વવ્યાપી મહામારીથી બાળકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વૈજ્ઞાનિકો અને તબીબોનો ખ્યાલ છે કે બાળકો ઘરમાં કેદ, સ્કૂલ જવાથી લાચાર અને ખેલકૂદ તથા મનોરંજનની પ્રવૃત્તિથી વંચિત છે.આ બાળકોના માનસિક બીમારીમાં સપડાવવાની બીક છે.તેઓ માનસિક રોગોથી પીડાઈ શકે છે. માતા-પિતા સામે આ બહુ મોટો પ્રશ્ન છે કે બાળકોને કેવી રીતે વ્યસ્ત રાખવામાં આવે? તેઓ રૂંધામણની આ હાલતમાં કેવી રીતે માનસિક પ્રવૃત્તિ, મનોરંજનના કાર્યો તથા શારીરિક પ્રવૃત્તિમાં પ્રવૃત્ત રાખવામાં આવે ? આ પણ વિકટ પ્રશ્ન છે કે શાળાઓ બંધ હોવાના કારણે તેમના શિક્ષણને અસર ન પામે તેમજ બાળકો સારા સમવયય આયુ અને મિત્રો જોડે કેવી રીતે રહે ? આ બધી બાબત બાળકોના ઉછેર માટે અગત્યની છે.



બાળકોને વ્યસ્ત રાખવાની અનેક રીતો છે. તેમને રૂચિ પ્રમાણેની વસ્તુઓ અને અવસર આપવામાં આવે. તેમને એ રમતો માટે રાજી કરવામાં આવે જેને 'ઈન્ડોર ગેમ' ઘરમાં રમાતી રમતો કહેવાય છે. દા.ત. કેરમ, રમકડાંની રમવાને તૈયાર કરવો. મનોરંજનની એ પ્રવૃત્તિઓમાં જેમ કે વાર્તા વાંચવી, ચિત્રકામ, રંગપૂર્ણી પણ હોઈ શકે. આ જ કાલ ઓનલાઈન શિક્ષણ પર પણ ભાર મૂકવામાં આવે છે. જો કે આ શિક્ષણ પણ બાળકોને ગમતું નથી. તે ઉપરાંત ઓનલાઈન શિક્ષણ માટે માધ્યમ અર્થાત્ સ્માર્ટ ફોન, ઈન્ટરનેટ, કોમ્પ્યુટર વિગેરેની જરૂર પડે છે. આ દરેક કુટુંબ માટે લાવી આપવું સરળ નથી. શરળ પદ્ધતિ આ છે કે બાળકોને સવાર સવારે તૈયાર કરવામાં આવે. તેમને ઘરે જ કેટલોક સમય કોર્ષ પ્રમાણે ભણવાનો ટાઈમટેબલ બનાવી આપવામાં આવે. ઘરના સભ્યોની જવાબદારી છે કે બાળકો પોતાનું કોર્ષ નિયમિત રીતે કેટલોક સમય જરૂર ભણે. તેની દરકાર લેવામાં આવે. એમ કહી શકાય કે બાળકોની હોમ સ્કૂલીંગ થાય.

ઘરે ભણ્યા પછી રમત માટે પણ સમય હોય, કેટલીક રમતો એવી છે કે ઘરે જ રમી શકાય. દડો ઓછા ખર્ચ શ્રેષ્ઠ કહેવાય. જો બેડમિંટન અથવા કોઈ ઘરનું જ ટેબલ પર ટેબલ ટેનિસની વ્યવસ્થા કરાય તો સારું થશે. સ્કોશ-રમત એટલે કે ઘરની ભીંતો વચ્ચે પોલ દડાથી બે અથવા ચાર જણ વચ્ચે રમાતી રમત છે. જે પણ ઓછા ખર્ચે વ્યવસ્થા કરી શકાય એમ હોય છે.


આપણે બાળકો અને મિત્રો સાથે પણ કેટલોક સમય પસાર કરી એ એની પણ અગ્રતા છે. સારી બાબત એ છે કે ખુલ્લી જગ્યામાં કે જ્યાં વાયરસનો જોખમ ઓછો હોય છે. પણ આમાં કાળજી એ લેવાય કે એક બાળક પોતાના એક ચોક્કસ ગ્રુપમાં રહે. એટલે કે તેની સાથે રમનારા નિર્ધારિત હોય. તે દિવસ બાળકોના એક જ ગ્રુપ રમતમાં હોય. આમ કરવાથી ચેપ લાગવાની બીક ઓછી રહેશે. દેખરેખ અને કાળજી રાખવાની જરૂર છે અને આ જવાબદારી ઘરના માણસોની રહેશે. કેટલાક ચોક્કસ કુટુંબ મળીને ખુલ્લી મોકળાશવાળી જગ્યામાં, વાંચે, રમે, વાર્તાઓ કહે, સાંભળે તેમજ રંગપૂર્ણી, પતંગ ચગાવવ, પેચ લડાવવાની રમત, હિચકામાં ઝૂલા ખાય વગેરે.

પરસ્પર પ્રયત્નો, કાળજી, અને નિયમબદ્ધ પ્રવૃત્તિઓમાં બાળકોને પરોવાયેલા રાખી શકાય. આમ કરવાથી તેઓ માનસિક રોગોથી સુરક્ષિત રહેશે અને આમ પોતાની માનસિક શારીરિક શક્તિઓને કામે લગાવી શકશે. ⏭

# યુવાસાથી વેબસાઇટ


# હવે નવા રંગ-રૂપ સાથે

WWW.YUVASAATHI.COM




# યુવા સાથી

સત્યનો સારથિ



ઈસ્લામ સિવાય અલ્લાહ તઆલાની નજીક અન્ય કોઈ દીન સ્વીકાર્ય નથી. આ દીન પૂર્ણ, સ્વીકાર્ય અને પ્રમાણિત છે, જે મુહમ્મદ સ.અ.વ. પર અવતરિત કરવામાં આવ્યો છે. દુનિયા અને આખેરતની સફળતા મુહમ્મદ સ.અ.વ. એ પ્રસ્તુત કરેલ દીનના અનુસરણમાં જ છે.




# ગુજરાતી ભાષામાં ઇસ્લામી સાહિત્ય

**વાંચો અને વંચાવો**

હવે આંગળીના ટેરવે પણ પુસ્તકો મેળવી શકાશે.. KitabMart YOUR ONLINE BOOKSTORE

https://kitabmart.com/kitab_language/gujarati/

## ઇસ્લામી સાહિત્ય પ્રકાશન

બી-૩૦૩, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી, જુહાપુરા, અહમદઆબાદ - ૩૮૦૦૫૫

મો. **8780661963** - ઈમેલ: ispgujarat2013@gmail.com

ઇસ્લામી સાહિત્ય પ્રકાશન
રજી નં. ઈ/૨૨૧૭૨/અમદાવાદ



Yuvasaathi (Gujarati Monthly)
B-4, Karishma Complex, Sarani Society Corner, 132 ft. Ring Road, Juhapura, Ahmedabad Gujarat : 380055
yuvasaathi.monthly@gmail.com | www.yuvasaathi.com